પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૩/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ફાગણ સુદ-૮ વર્ષ : ૧૫ અંક : ૦૮૧

**સુવિચાર**

બે હાથ જોડી વંદન કરે તેની કરતા એક હાથ લાંબો કરી આપે તેને મહાન ગણવો.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

એક એવી શાળા કે જ્યાં ભણવાનું ગૌરવ થાય
નિત્યમ વિદ્યા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...
બાલ મંદિરથી ધોરણ-૧૨, (સાયન્સ,કોમર્સ,આર્ટસ)
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ,
બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ

## જિલ્લાનાં રાજકીય કાર્યકર્તાઓ અને જનતા જનાર્દનની આતુરતાનો અંત

# અમરેલી લોકસભા બેઠકની ચૂંટણી આગામી ૭ મે નાં રોજ

### મતદાન બાદ ૨૬ દિવસ બાદ ૪ જૂનનાં રોજ મત ગણતરી કરવામાં આવશે

### ૧૨ એપ્રિલનાં રોજ જાહેરનામું પ્રસિધ્ધ થશે, ૧૯ એપ્રિલ સુધી ફોર્મ ભરાશે

### ૨૦ એપ્રિલનાં રોજ ફોર્મની ચકાસણી, ૨૨ એપ્રિલ સુધીમાં ફોર્મ પરત ખેંચી શકાશે

### કેન્દ્રીય ચૂંટણી આયોગ દ્વારા પત્રકાર પરિષદમાં ચૂંટણીની સત્તાવાર જાહેરાત કરાઈ

અમરેલી, તા. ૧૬

અમરેલી સહિત રાજયની ૨૬ લોકસભાબેઠકનીચૂંટણીઅંગેસમગ્ર દેશનીલોકસભાનીચૂંટણીસાથેસત્તાવાર જાહેરાત કરવામાંઆવેલ છે. અમરેલી બેઠકની લોકસભાનીચૂંટણીનુંમતદાનઆગામી ૭મે નાંરોજયોજાશેઅનેમતદાનબાદ ૨૬ દિવસ બાદ ૪ જૂનનાં રોજ મતગણતરીહાથધરાશેએટલેચૂંટણીનાં પરિણામ જાણવા માટે ૨૬ દિવસ સુધી રાહજોવીપડશે.

કેન્દ્રીયચૂંટણીઆયોગેઆજે દિલ્હીખાતેદેશભરનીપ૪૩લોકસભા બેઠકની ચૂંટણીની જાહેરાત કરી હતી. જેમાં ગુજરાતની ૨૬ બેઠકોનો પણ સમાવેશ થાય છે. ગુજરાતમાં અમરેલી સહિત તમામ ૨૬ બેઠકોની ચૂંટણી એક જ તબકકામાં થશે.

જેમાં ૧૨ એપ્રિલનાં રોજ જાહેરનામુ પ્રસિધ્ધ થશે તે જ દિવસથી ઉમેદવારીપત્રક ભરી શકાશે અને ૧૯ એપ્રિલસુધીઉમેદવારીપત્રકરજૂકરાશે. ભરાયેલ ઉમેદવારીપત્રકની ચકાસણી ૧૯એપ્રિલનાંરોજથશેઅને૨૨એપ્રિલ સુધીમાંઉમેદવારીપત્રકપરતખેંચીશકાશે અને ૭મેનાંરોજમતદાનઅને૪જૂનનાં રોજમતગણતરીહાથધરવામાંઆવશે.

## માર્ગ ક્રોસ કરતાં હોય બનાવ બન્યો

## અમરેલીનાં ધારી માર્ગ ઉપર બાઈક સવારે હડફેટે લેતા યુવકનું મોત નિપજયું

### અજાણ્યા બાઈક સવારની શોધખોળ શરૂ

અમરેલી, તા. ૧૬

અમરેલી તાલુકાના વીઠ્ઠલપુર ખંભાળીયા ગામે રહેતા પ્રવિણભાઈ લવાભાઈ વાઘેલા નામનાં ૨૮ વર્ષિય રત્નકલાકાર તથા મરણ જનાર હરીભાઈ વાઘાભાઈ વાઘેલા ગત તા. ૧૧ના સાંજના સવા સાતેક વાગ્યે ધારી–અમરેલી રોડ પર આવેલ ખોડીયાર ગેરેજની પાસે બાથરૂમ જવા

અનુસંધાન પાના ૬ ઉપર

## દરિયામાં અચાનક મોજુ આવતા

## જાફરાબાદનાં દરિયાકાંઠાથી ૮ કિ.મી. દૂર બોટમાંથી પડી જવાથી એક વ્યકિતનું મોત

### પાણીમાં ડૂબી જવાથી મોત નિપજયું

અમરેલી, તા. ૧૬

જાફરાબાદ પરશુરામ સોસાયટી પીપળીકાંઠા બાપાસીતારામ મઢુલીની પાછળ રહેતા ઈરભાઈ કાનાભાઈ સોલંકી ગત તા. ૧૪ના રાત્રીના ૧૦/૩૦ કલાકે જાફરાબાદ જેટીથી આશરે ૮ નોટીકલ માઈલ દુર

અનુસંધાન પાના ૬ ઉપર

Aikyam ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી M.B.,D.P.M./F.I.P.S.
▪ શું આપને ઉદાસી રહે છે ? ▪ રડવું આવે છે ?
▪ ગમતુ નથી ? તો તે ડિપ્રેશન રોગનું લક્ષણ હોય શકે છે.
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ - મો.નં. ૯૭૩૭૦ ૨૮૧૮૧
કિલનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
57,990/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૬/૦૩/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...



- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

મોરબીના ભાવે અહિંથી મળશે
આપનાં સ્વપ્નનાં ઘરને સજાવો અમારી અવનવી અદ્યતન ડીઝાઈન વાળી વિવિધ ટાઈલ્સથી....
એકવાર અવશ્ય મુલાકાત લો...
ટાઈલ્સ હોલસેલ તથા રીટેલ મળશે.
ટાઈલ્સ ડીઝાઈન સ્ટુડિયો
લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી
વિજયભાઈ મો.૯૧૦૧૭ ૬૧૭૫૭
કિશનભાઈ મો.૯૯૨૫૧ ૬૧૧૮૪
મયંકભાઈ મો.૯૯૦૯૯ ૭૭૭૦૫

મંગલ નવપ્રસ્થાન
સમભાવ હોસ્પિટલ



ડૉ. અંકિત એચ. મોગા
એમ. બી., ડી. પી. એમ.(Psy.)
મગજ-માનસિક, મનોજાતીય અને વ્યસન મુકિતના નિષ્ણાંત



ડૉ. દેવકી એ. મોગા
એમ. બી., ડી. વી. ડી.(સ્કીન એન્ડ વી.ડી.)
ચામડી - નખ, વાળ અને ગુપ્તરોગોના નિષ્ણાંત

પ્રાર્થનામાં જોડેલા બે હાથ કરતાં સારવાર માટે ઉઠેલો એક હાથ વધુ ઓજસ્વી છે. આધુનિક તનાવગ્રસ્ત જીવનમાં રોજબરોજની માંદગી સામાન્ય બની ગઇ છે. ત્યારે અમરેલી જીલ્લાના સુજ્ઞ ગુણીજનો માટે અમારા અભ્યાસ, બહોળા અનુભવ અને અત્યાધુનિક સવલતનો ત્રિવેણી સંગમ કરી નીરોગીતાની સંજીવની આપવા અમે અમારા દાયકાઓના અનુભવને હવે નૂતન સ્થાને આરંભી રહ્યા છીએ.....

નિષ્ઠા. નીતિમતા અને નિયમિતતાના ત્રિસત્યને સમર્પિત આ હોસ્પિટલ અમરેલી જીલ્લા માટે સ્કિન કેર અને તમામ માનસિક રોગ માટે નિરાંત અને હળવાસનું સરનામું બની રહેશે. અપૂર્ણથી પૂર્ણ સુધી અને પૂર્ણથી સંપૂર્ણ સુધીની આ સંજીવની યાત્રાના નવલા મુકામના આરંભના સમયે આપની ઉપસ્થિતિ અમારા પ્રયાસને પોષક અને પ્રેરક બની રહેશે. પ્રારંભ પર્વમાં પધારવા આપને પ્રેમાદર પૂર્વક પ્રાથના અને આગ્રહભર્યુ નિમંત્રણ

તારીખ : ૧૭-૦૩-૨૦૨૪, રવિવાર
સમય : સવારના ૯-૩૦ થી આપના આગમન સુધી...
સ્થળ : માણેકપરા મેઈન રોડ, ડો. ધડુક સાહેબના દવાખાના પાસે લાઈફ લાઈન કોર્નર સામે, સ્વામિનારાયણ મંદિર રોડ, અમરેલી - ૩૬૫૬૦૧

: પ્રતીક્ષાતુર :
ડો.અંકિત એચ.મોગા - ડો.દેવકી એ.મોગા
હરેશભાઈ ડી.મોગા - જયશ્રીબેન એચ.મોગા
દેવેનભાઈ એચ.મોગા - પારૂલબેન ડી.મોગા
નીવ એ. મોગા, હિદા એ.મોગા
માર્મિક ડી.મોગા



LG BEST SHOP
Life's Good.



EXCLUSIVE Offers
DIRECT COOL Refrigerator
3 YEAR WARRANTY
Upto 10% CASHBACK
T&C Apply
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો.99747 72377

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

## જયાં પ્રાંત અધિકારી અને મામલતદારની કચેરી બનવાની હોવાથી

# બગસરામાં સરકારી જમીનમાં થયેલ દબાણ દૂર કરાયું

પ્રાંત અધિકારી, મામલતદાર અને પોલીસ ટીમે સંયુકતપણે દબાણ હટાવવાની કામગીરી શાંતિપૂર્વક પૂર્ણ કરી

સરકારી જમીનમાં વસવાટ કરતાં બે પરિવારોને પ્લોટ ફાળવવામાં આવ્યા

એક ગરીબ પરિવારે હૈયાફાટ રૂદન કરતાં મામલતદારે સાંત્વના પાઠવી મદદની ખાત્રી આપી

શહેરમાં અન્ય સ્થળોએ થયેલ દબાણ પણ દૂર કરવામાં આવે તેવી માંગ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૬

બગસરામાં મામલદાર ઓફિસ તેમજ પ્રાંત ઓફીસ માટે ફાળવેલ જગ્યામાં લોકો દ્વારા મકાન બનાવવા આવેલ તેનું આજે મામલદાર તેમજ પ્રાંત અધિકારી તેમજ તમામ પોલીસ કાફલો તેમજ તમામ પાલિકા સ્ટાફ, પીડબ્લ્યુડી તેમજ તમામ પદાધિકારીઓની હાજરીમાં ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ત્યાં રહેતા પરિવારને અન્ય વિસ્તારમાં પ્લોટ ફાળવી દેવામાં આવેલ હતા અને અહી રહેતા બે પરિવારના મકાન પડતાં મહિલાઓ દ્વારા રૂદન કરી મામલદાર સમકક્ષ આજીજી કરી હતી કે અમારા મકાન ના પાડો. પરંતુ મામલદારની સૂઝબુજથી તે બંને પરિવારને સાંત્વના આપવામાં આવી છે અને તમારો સામાન અન્ય જગ્યાએ ફેરવી દેવામાં આવશે અને જો તમે તમને ફાળવેલ મકાનમાં નહિ જાવ તો તમારો હક હિસ્સો કે જે તમને મળેલ પ્લોટ જતો રહશે તેમ સમજાવીને તેને સાંત્વના આપવામાં આવી હતી. જેથી આ બન્ને પરિવારને અન્ય વિસ્તારમાં ફેરવી દેવામાં આવેલ છે. જયારે આ બંને પરિવારને છેલ્લા ઘણા સમયથી મામલદાર ઓફિસ તરફથી તેમજ પ્રાંત ઓફીસ તરફથી અનેકવાર નોટીસ આપવામાં આવેલ છે છતાં આ બંને પરિવારે આ નોટીસની અવગણના કરી હતી અને હાલમાં આ બંને મકાન ધરાશાઈ કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અહીયા મામલદાર ઓફિસ તેમજ પ્રાંત ઓફીસ બનવા જઈ રહેલ છે ત્યારે આ ૬૫૦૦ ચોરસ મીટરની જગ્યા છે તે ખાલી કરાવી છે. ત્યાર બાદ ચૂંટણી પૂરી થયા બાદ અન્ય સાત પરિવારો ત્યાં રહે છે તેના મકાન પણ પાડી નાખવામાં આવશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, જયાંથી તંત્ર દ્વારા ડિમોલેશન કરી દબાણ દૂર કરવામાં આવેલ છે તેજ જેતપુર રોડ પર આગળ અનેક લોકો દ્વારા પાણીના નિકાલના હોકળા પર દબાણ કરી દીધેલ છે. જેથી આગામી દિવસોમાં મફતપરા અને હુડકોમાં વરસાદના પાણી ભરાઈ જવાથી અનેક સમસ્યાઓ ઉપસ્થિત થવાની છે. આ દબાણો પર તંત્ર બુલડોઝર ફેરવે તેવું પણ લોકો ઈચ્છી રહ્યા છે.

## ચોરીની સતત ઘટનાથી રહેવાસીઓમાં ફફડાટ

# અમરેલીનાં માણેકપરામાં રહેતો પરિવાર ગાંધીનગર ગયો હોય તસ્કરો મકાનમાં ઘુસ્યા

### ભવાની ચોક બાદ ભગવતી ચોકમાં ચોરીની ઘટના

અમરેલી, તા. ૧૬


અમરેલીના માણેકપરા શેરી નં. ૪ ભગવતી ચોકમાં રહેતા અને ઈલેકટ્રીક કામ કરતાં જયંતિભાઈ લવજીભાઈ ચૌહાણ નામનાં ૬૪ વર્ષિય વૃધ્ધ પોણા ત્રણ મહિના પહેલાં ગત તા. ૨૩/૧૨/૨૩ થી તા. ૨૫/૧૨/૨૩ દરમ્યાન પોતાના પરિવાર સાથે ગાંધીનગર મુકામે ગયેલ હતા. તે દરમ્યાન કોઈ અજાણ્યા શખ્સોએ તેમના મકાનનું તાળુ તોડી મકાનમાં પ્રવેશ કરી રૂમના લાકડાના કબાટના લોકરમાં રાખેલ સોનાની વીટી નંગ–૨ તથા સોનાની બુટી નંગ–૩ તથા સોનાના કાનના દાણા નંગ–૨ તથા સોનાની ચુક નંગ–૩ ની આશરે કિંમત રૂપિયા ૪૯,૦૦૦ તથા રોકડા રૂપિયા ૮૦૦૦ મળી કુલ આશરે રૂપિયા ૫૭,૦૦૦ ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ થોડા દિવસ પહેલાં જ અમરેલીના માણેકપરા શેરી નં–૯, ભવાની ચોકમાં રહેતા જીતેન્દ્રભાઈ પરશોતમભાઈ સોજીત્રા ગત તા. ૯ ના સાંજના ૪ થી તા. ૧૦ના સવારના ૧૧ના સમય દરમ્યાન ધારી તાલુકાના વિરપુર ગઢીયા ગામે આવેલ ફાર્મ હાઉસે ગયેલ હતા. ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમે તેમના મકાનનું તાળુ તોડી મકાનમાં પ્રવેશ કરી રૂમના કબાટની તિજોરીમાં રાખેલ કંટ્રકશનના ધંધાના તથા તેમની પત્નિના બચતના મળીને કુલ રોકડ રૂપિયા ૧,૯૬,૦૦૦ ની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

## પીવાનાં પાણીનાં સમ્પની સફાઈ થતાં ગંદકી પાણીમાં ભળી હોવાનું અનુમાન

# લ્યો બોલો : બાબરામાં ૩ દિવસ બાદ પીવા માટે ડહોળુ અને ગંધાતુ પાણી વિતરણ થતાં શહેરીજનોમાં નારાજગી

### હવે પાછી શહેરમાં ચોખ્ખુ પીવાનું પાણી વિતરણ કરાશે : પાલિકા પ્રમુખ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૬

બાબરામાં નગરપાલિકા દ્વારા અહીં સમ્પ હાઉસની સફાઈ કામગીરી તેમજ નળ સે જળનું જોડાણ કરવા બાબતે ગત તા. ૧૩ થી ૧૫ માર્ચ ત્રણ દિવસ પાણી વિતરણ બંધ રાખવામાં આવ્યુ હતુ. જે પૂર્ણ થઈ જતા શહેરમાં રાબેતા મુજબ સવારથી પાણી વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું પણ શહેરના જીવનપરા વિસ્તારમાં શિવાજી ચોક સહિતના અન્ય વિસ્તારોમાં પાણી ડહોળુ અને ગંધારૂં આવતા લોકોને વધુ એક દિવસ પાણી નથી આવ્યું તેવી નોબત આવી હતી.

લોકોનાં જણાવ્યા અનુસાર ત્રણ દિવસ બાદ પાણી આવ્યું તે પણ પીવાલાયક નહીં આવતા વેચાતું મંગાવવાની ફરજ પડી હતી. કારણ કે ત્રણ દિવસ કરકસર કરી પાણીનો ઉપયોગ કર્યો હતો પણ આજે ચોથા દિવસે પણ પાણી ખરાબ આવતા પીવા માટે ઉપયોગી નથી પણ નાછૂટકે વાપરવા ઉપયોગ કરવો પડશે.

નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકરના જણાવ્યા અનુસાર ત્રણ દિવસથી અહીં સમ્પ હાઉસ ખાતે નળ સે જળ પ્રોજેકટનું પાઈપ લાઈનનું જોડાણનું કામ શરૂ હતું એટલે સમ્પ હાઉસ ખાલી રહેતા સફાય હાથ ધરવામાં આવી. જેનું પાણી ગંદુ પાણી પાઈપ લાઈનમાં ચડયું હોય જે વિતરણ વ્યવસ્થા દરમિયાન અમુક વિસ્તારમાં આવી ગયું હોય જે આગામી હવે પછીના પાણીના વારા દરેક વિસ્તારમાં ચોખ્ખું અને પીવા લાયક પાણી મળશે.

હાલ ઉનાળાની સિઝન શરૂ થઈ હોય ત્યાં પાણીની મોકાણ સર્જાય હતી ત્રણ દિવસ સુધી પાણી આવ્યું નહિ અને આવ્યું તે પણ પીવા લાયક નહિ રહેતા લોકોમાં નારાજગી જોવા મળી હતી.

## ૩ વર્ષ બાદ પુનઃ વન્ય પ્રાણીઓ પર જોખમ

# વડવિયાળા ગામે બંધ થયેલ ગેરકાયદેસર પેવર પ્લાન્ટ ફરી થયો ધમધમતો

### લાયન નેચર ફાઉન્ડેશન દ્વારા ગ્રીન ટ્રીબ્યુનલમાં જવાની ચીમકી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૬

ગીર ગઢડા ના વડવિયાળા ગામે સરકારી જવાબદાર વિભાગોના આંખ મિચામણાથી ઈકો સેન્સિટીવ ઝોનમાં સર્વે નં ૨૩૭ માં વન્ય પ્રાણીઓ સિંહ, દીપડા, રોઝ, ઝરખ જેવા શેડ્યુલ એકમાં આવતા વન્ય પશુ પ્રાણી વાળા વિસ્તારમાં ધમધમતા પેવર પ્લાન્ટ (સ્ટોન કશર) બાબતે લાયન નેચર ફાઉન્ડેશનની રજૂઆત સંદર્ભે પેવર પ્લાન્ટ (સ્ટોન ક્રશર) બંધ થયેલ હોય અગાઉ જે પેવર પ્લાન્ટ બાબતે રજૂઆત થયેલ જે સંદર્ભે વન વિભાગે વડવિયાળા નો પેવર પ્લાન્ટ (સ્ટોન ક્રશર) બંધ કરવા તાત્કાલિક સમયે પંચરોજ કામ કરી આ વિસ્તારમાં વન્ય પ્રાણીઓ તેમજ બાજુમાં આવેલ તળાવમાં આવતા યાવર પક્ષીઓના જીવન ચર્યા અને જીવ ઉપર જોખમ હોવાનો અહેવાલ જવાબદાર અધિકારીઓને સોંપેલ જે સંદર્ભે પેવર પ્લાન્ટ બંધ કરવામાં આવેલ જે ઘણા વર્ષ બંધ રહેલ પણ આકરાએ વહીવટ કરી પેવર પ્લાન્ટ ચાલુ કરાવતા ઈકો પ્રતિબંધ વિસ્તારના કાયદાનો હાસ થવા પામેલ છે.

ઉપરોક્ત પેવર પ્લાન્ટની મંજૂરી ન આપવામાં આવે અને કાયમી સીઝ કરવામાં નહીં આવે તો લાયન નેચર ફાઉન્ડેશનના જણાવ્યા મુજબ હાઈકોર્ટ અને ગ્રીન ટ્રીબ્યુનલ માં જવાની ફરજ પડશે તેવું અંતમાં જણાવેલ છે.

## બીઝનેશ પ્રોજેક્ટની પસંદગી થતા

# લીલીયાની સરકારી કોલેજના ૨ વિદ્યાર્થીઓને મળી ૪૦ હજારની સહાય

### ઉદ્યોગ સાહસિકતા નીતિ અંતર્ગત લાભ મળ્યો



અમરેલી, તા. ૧૬

ગુજરાત સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે ઉદ્યોગ સાહસિકતા પોલીસી અમલમાં મૂકવામાં આવેલ છે.

આ માટે દરેક સરકારી કોલેજોમાં એક નોડલ અધિકારીની નિમણૂક કરવામાં આવેલી છે. જે અંતર્ગત અત્રેની સરકારી વિનયન અને વાણિજય કોલેજ લીલીયામાં ઉદ્યોગ સાહસિતા નોડલ ઓફિસર સુભાષ એન. ઓડેદરાના માર્ગદશન હેઠળ કુલ પાંચ વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ આ પોલીસી અંતર્ગત મુકવામાં આવેલ હતા.

જેમાંથી કુલ બે વિદ્યાર્થી (૧) ડાંગર જયપાલ જે. તથા (૨) કોટડીયા હિના બી. ના પ્રોજેકટ રાજય કક્ષાએ સિલેક્ટ થયા છે.

અને આ બંને વિદ્યાર્થીઓને સરકારી દ્વારા ઉદ્યોગ સાહસિક વિદ્યાર્થી તરીકે પસંદ કરી ઉદ્યોગ સાહસિકતા પોલસી અંતર્ગત બંને ને ગુજરાત રાજયના માન્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાના હસ્તે રૂા. ૪૦૦૦૦ (રૂા. ચાલીસ હજાર પ્રતિ વિદ્યાર્થી) ની આર્થિક સહાયના ચેક તા. ૧૨/૩/૨૦૨૪ના રોજ ઈ.ડી.આઈ.આઈ. સંસ્થા ભાટ–ગાંધીનગર ખાતે મળેલ છે. જેથી કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ તથા નોડલ ઓફિસર સુભાષ ઓડેદરા તથા સમગ્ર કોલેજ પરિવાર દ્વારા બંને વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન આપવામાં આવેલ છે.

સમગ્ર લીલીયા તાલુકામાંથી પણ આ બંને વિદ્યાર્થીઓ પર શુભેચ્છાઓનો વરસાદ વરસી રહ્યો છે.

## હોળી ધુળેટીને ધ્યાનમાં લઈને

# રાજુલા એસ.ટી. ડેપો દ્વારા તહેવારને ધ્યાનમાં લઈ એક્સ્ટ્રા દોડાવાશે

રાજુલા, તા. ૧૬

રાજુલા એસ.ટી. ડેપો દ્વારા હોળી ધુળેટીના તહેવારને ધ્યાનમાં લઈને દાહોદ અને ફતેપુરા તરફ જવા માટે મુસાફરો માટે રાજુલા એસટી ડેપો માંથી એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે જેની ટિકિટ મોબાઈલ એપ્લિકેશન માંથી પણ મળી શકશે અથવા વધુ વિગતો માટે રાજુલા એસટી ડેપો માં પૂછપરછ શાખા નો સંપર્ક કરવો કેવો રાજુલા એસટી ડેપો મેનેજરની યાદી જણાવે છે તહેવારમાં અવર જવર માટે રાજુલા ડેપો દ્વારા દાહોદ અને ફતેપુરા બાજુ મુસાફર જનતા માટે એક્સ્ટ્રા બસો ચાલુ કરવામાં આવી.

રાજુલા એસ.ટી. ડેપો દ્વારા રાજુલા થી દાહોદ અને ફતેપુરા જવા આવવા માટે હોળી ધુળેટીના તહેવારને અનુલક્ષીને એકસ્ટ્રા બસો દોડાવવામાં આવશે જે એસ.ટી.બસો રાજુલા થી ગોધરા, દાહોદ, ઝાલોદ, ફતેપુરા સુધી આવક જાવક કરશે રાજુલા તાલુકામાં ખેતીના મજૂરો અને અન્ય ધંધાઓમાં તેમજ મહાકાય કંપનીઓ આવેલી હોવાથી કંપની સાથે સંકળાયેલા મજૂરોને અવરજવર માટે સંકળાયેલ મજૂરો પોતાના વતનમાં હોળી ધુળેટીના તહેવારમાં સહેલાઈથી જઈ શકે અને આવી શકે તે માટે અમરેલી જીલ્લા વિભાગીય નિયામકની સૂચનાથી રાજુલા ડેપો મેનેજર દ્વારા એક્સ્ટ્રા બસોમાં સહેલાઈથી પોતાના વતનમાં જવા આવવા માટે મુસાફરોને સલામતી સાથે મુસાફરી કરી શકે અને મુસાફરી દરમિયાન કોઈ અગવડતા ન પડે તેવા આશયથી રાજુલા એસ.ટી. ડેપો દ્વારા આયોજન કરવામાં આવ્યું. તેમ રાજુલા એસ.ટી. ડેપોના ડેપો મેનેજરની યાદી જણાવેલ રાજુલા તાલુકાના ખેડૂતોને પોતના મજૂરો અને ભાગીયા ઓને વતનમાં આવવા જવા રાજુલા એસ.ટી.ડેપો ખાતેની એકસ્ટ્રા બસો માટે બુકિંગ પણ કરાવી શકશે

## યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સંચાલિત

# ચલાલામાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલય હરીબા મહિલા કોલેજનો વાર્ષિક મહોત્સવ ઉજવાશે

### આજે સવારે ૯ થી ૧૨ સુધી કાર્યક્રમ યોજાશે

ચલાલા, તા. ૧૬

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિ કુંજ હરિદ્વાર પ્રેરિત સંસ્થા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સંચાલિત વિદ્યાલય તથા હરીબા મહિલા કોલેજનો વાર્ષિક મહોત્સવ ૨૦૨૪ નું ભવ્ય આયોજન તા. ૧૭/૦૩/૨૦૨૪ ને રવિવાર સમય સવારે ૯ થી ૧૨ હરીબા મહીલા કોલેજ ખાતે રાખવામાં આવ્યું છે. જેમાં ચલાલા અને આસપાસના વિસ્તારમાંથી અભ્યાસ અર્થે આવતા દીકરા દીકરીઓ દ્વારા સુંદર મજાનો સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવશે. અને વિવિધ પ્રવૃતિઓમાં નંબર આવેલ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે તેમજ બેસ્ટ રાઈટીંગ અને બેસ્ટ સ્ટુડન્ટ નું ભવ્ય રીતે સન્માન કરવામાં આવશે આ કાર્યક્રમમાં સંતો મહંતો તેમજ રાજકીય આગેવાનોની ખાસ ઉપસ્થિત રહેશે તેમજ કાર્યક્રમ બાદ સર્વે વાલીગણ અને મહેમાનોની ભોજનની વ્યવસ્થા પણ સંસ્થા દ્વારા કરવામાં આવી છે.

રતિદાદાના સાનિધ્યમાં સમગ્ર આયોજન ભવ્ય રીતે સંપન્ન થાય તેવી તડામાર તૈયારીઓ થઈ રહી છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભારતભૂષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## ''અમરેલી એક્સપ્રેસ''માં અહેવાલ પ્રસિધ્ધ થતાં જ કાર્યવાહી શરૂ

# આનંદો : અમરેલીમાં પીજીવીસીએલનું વધુ એક સબ ડિવિઝન મંજૂર

**શહેરમાં ૫૦ વર્ષ પહેલા જે વીજ કનેશન હતા જેમાં ૩ ગણો વધારો થયો હોય નવા સબ ડિવિઝનની તાતી જરૂર હતી**

**શહેરમાં વીજ પુરવઠો અનિયમિત બનતાં શહેરીજનો ઘણા મહિનાઓથી પરેશાન થઈ ગયા હતા**

**વધુ એક સબ ડિવિઝનની સુવિધા મળતાં કર્મચારીઓની સંખ્યામાં લગભગ બમણો વધારો થશે**

**યુવા ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાએ ''અમરેલી એક્સપ્રેસ''ને ખુશખબરી આપી**

અમરેલી, તા. ૧૬

અમરેલી શહેરમાં છેલ્લા થોડા મહિનાઓથી વીજ પુરવઠો અનિયમિત મળવા પાછળ શું કારણ છે તે અંગે ''અમરેલી એકસપ્રેસ'' ધ્વારા તપાસ કરીને એક વિસ્તૃત અહેવાલ ગત તા. ૨૪ ફેબ્રુઆરીનાં રોજ પ્રસિધ્ધ કરેલ. જેને લઈને અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાએ ગંભીરતાથી લઈને ઉચ્ચકક્ષાએ રજૂઆત કરતાં અમરેલીને વધુ એક સબ ડિવિઝન કચેરી મંજૂરી મળી ગઈ છે.



અમરેલી શહેરમાં ૫૦ વર્ષ પહેલા ૧૨ હજારથી ૧૪ હજાર વીજ કનેકશન અને પીજીવીસીએલમાં ૩૮ કર્મચારીઓનું મહેકમ હતું અને આજે ૪૪ હજાર વીજ કનેકશન હોય અને કર્મચારીઓની જગ્યા એજ હોવાથી વીજ ફોલ્ટની સમસ્યા વધી હતી અને આ અંગે નાયબ દંડકે મહત્વનાં પ્રશ્નનું નિરાકરણ કરવા મુખ્યમંત્રી અને ઉર્જામંત્રીને રજૂઆત કરતાં ગઈકાલે સાંજે જ વધુ એક સબ ડિવિઝન મંજૂર કરવામાં આવેલ છે. તેમ ''અમરેલી એકસપ્રેસ'' સાથેની વાતચીતમાં નાયબ દંડકે જણાવેલ છે.

**શહેરમાં ૪૪ હજાર જેટલા વીજ કનેકશન અને કર્મચારીઓ માત્ર ૪૦**

**અમરેલી શહેરમાં પીજીવીસીએલનું વધુ એક સબ ડિવિઝન જરૂરી**

૬૦ વર્ષથી શહેરમાં એકનાં એક મહેકમથી ચાલતા વહીવટનાં કારણે વીજ પુરવઠો નિયમિત કરવામાં મુશ્કેલી

૬૦ વર્ષમાં શહેરની જનસંખ્યામાં એક લાખનો વધારો થયો અને પીજીવીસીએલ કચેરીમાં જૈસે થે

ઈશ્વરીયાથી લઈને ગાવડકા ચોકડી અને ઠેબી ડેમથી લઈને ભોજલિયા મંદિર સુધીનો વિસ્તાર

અમરેલીનાં ધારાસભ્યએ રાજયનાં ઉર્જા મંત્રીને રજૂઆત કરીને વધુ એક સબ ડિવિઝન શરૂ કરાવવું જોઈએ તેવી માંગ

## ફ્રી પ્રેસ જર્નાલિસ્ટ સ્ટુડન્ટ તોફિક ઝાંખરા ઉપર હુમલો

# સાવરકુંડલામાં એકજ દિવસમાં જુદા જુદા મારામારીનાં બે બનાવો

**ગરમીનો પારો હજી તો થોડો ચડયો ત્યાં તો પરચો બતાવ્યો**

**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૧૬

આરોપીઓ અવાર-નવાર સંધી ચોકમાં આંટા ફેરા મારતા હોય અને મોટર સાઈકલ ધીમે ચલાવવાનું ફરિયાદીએ કહેતા આરોપીઓને સારૂ નથી લાગતા ફરિયાદીને ગાળો આપી આરોપીએ છરી વડે ફરિયાદીને માથામાં છરી મારી બે ટાંકા આવે તેવી ઈજા કરી. બીજા આરોપીએ ફરિયાદીને શરીરે ઢીકા પાટુનો મુંઢમાર મારી આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સાવરકુંડલા સંધી ચોકમાં રહેતા તોફીકભાઈ ઉંમરભાઈ ઝાખરા (ઉ.વ. ૨૬) જે રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જર્નાલિઝમનો અભ્યાસ કરી રહ્યા છે. ફરીયાદમાં જણાવેલ છે કે, તા. ૧૫/૩/૨૦૨૪ના રોજ રાત્રીના આશરે સવા બારેક વાગ્યે પોતે તથા સોહીલભાઈ ઉંમરભાઈ ઝાંખરા તથા સાહીદભાઈ ઉંમરભાઈ ઝાંખરા એ રીતેના ત્રણેય જણા સાવરકુંડલા માર્કેટયાર્ડ પાસે મોટર સાયકલ લઈને ગયેલ હતા અને આ વખતે ત્યાં આગળ માર્કેટયાર્ડ પાસે ગેઈટની બાજુમાં અરબાસ ઉર્ફે ભુરો તથા અકીલ જાડેજા રહે. બન્ને સાવરકુંડલાવાળા ત્યાં આગળ ઉભેલ હોય. જેથી તેમને ઠપકો આપવા ગયેલ કે તમો બન્ને અમારા સંધી ચોકમાં કેમ અવાર નવાર આવો છો અને મોટર સાયકલ કેમ ઝડપી ચલાવો છો. તેમ કહેતા તેઓને સારૂ નહી લાગતા આ બન્ને જણા તોફીકને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ અને અરબાસ ઉર્ફે ભુરાએ તેના પેન્ટના નેફામાંથી છરી કાઢી તોફીકને માથામાં એક ઘા મારી દેતા લોહી લુહાણ થઈ ગયેલ અને અકીલ જાડેજાએ શરીરે ઢીકાપાટુનો મુંઢ માર મારવા લાગેલ હતો. આ સમયે સાથે રહેલા સોહીલભાઈ તથા સાહીદભાઈએ વધુ મારમાંથી છોડાવેલ અને આરોપીઓ બન્ને જણા જતા જતા જાનથી મારી નાખવાની ધમકી પણ આપતા ગયા.

આ ઘટના ના આરોપીઓ અરબાસ ઉર્ફે ભુરો અને અકીલ જાડેજા વિરૂધ્ધ આઈપીસી સેકશન ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુન્હો નોંધી પકડવાની તજવીજ હાથ ધરી છે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭




ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

## જિલ્લાનાં માર્ગો ઉપર માંતેલા સાંઢની જેમ દોડતા વાહનો પર રોક જરૂરી

# અમરેલીનાં ગાવડકા માર્ગ ઉપર મીની બસ પલ્ટી જતાં ૨૦ મુસાફરોને ઈજા અને એક મુસાફરનું ઘટના સ્થળે મોત

**અમરેલીનાં નાગરિકો સામાજિક પ્રસંગ પૂર્ણ કરીને પરત ફરતા હતા**



અમરેલી, તા. ૧૬

અમરેલી નજીક આવેલ ગાવડકા રોડ ઉપર સિટી રાઈડ બસને અકસ્માત નડતા આ બસમાં બેઠેલા આશરે ૨૦ જેટલા લોકોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જેમાં બે લોકોની ગંભીર હાલત અને એકનું સ્થળ પર જ મોત નિપજતા ભારે અરેરાટી ફેલાય જવા પામી છે.

આ બનાવમાં સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલી જેશીંગપરા વિસ્તારમાં રહેતા હિતેશભાઈ પોપટભાઈ આજુગિયા સહિતના લોકો સિટી રાઈડ મીની બસમાં બેસી અને ધારી તાલુકાના ત્રંબકપુર ગામે કોઈ પ્રસંગે ગયા હતા અને તેઓ ત્રંબકપુર ગામેથી અમરેલી પરત ફરતા હતા. ત્યારે આ સીટી રાઈડ બસ નંબર જી.જે. ૦૨ વાય ૯૭૭૬ અમરેલી નજીક આવેલ ગાવડકા રોડ ઉપર પહોંચતા બસનાં ચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબૂ ગુમાવતા બસ પલટી મારી જતાં આ બસમાં બેઠેલા આશરે ૨૦ જેટલા લોકોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જેમાં બે લોકોની ગંભીર હાલત હોય જયારે હિતેશભાઈ પોપટભાઈ આજુગિયાનું ઘટના સ્થળ પર જ મોત નિપજતા ભારે અરેરાટી ફેલાય જવા પામી છે.

## ઉના તરફ જવા માટે

# ભાડા ચોકડીએ બસની રાહ જોતા વૃધ્ધને બાઈક સવારે હડફેટે લીધા

**વૃધ્ધનું પડી જવાથી મોત નિપજયું**

અમરેલી, તા. ૧૬

રાજકોટના માવલડી, ગોકુલ રેસીડેન્સી, પાર્ટ-એ ૧૫૦ ફુટ રીંગ રોડ, મવડી, આસ્થા રેસીડેન્સી પાછળ રહેતા હિરેનભાઈ મનસુખભાઈ લોઢીયાના બાપુજી મનસુખભાઈ શીવલાલ લોઢીયા નામનાં ૬૭ વર્ષિય વૃધ્ધ ગત તા. ૧૫ ના બપોરના ૩/૩૦ કલાક દરમ્યાન ટીંબી ગામ, ભાડા ચોકડીએથી ઉના તરફ જવા માટે બસની રાહમાં ઉભા હતા. ઉના તરફથી આવતી એક મોટર સાયકલ નં. જી.જે.-૧૪ બીબી ૬૨૮૪ ના ચાલકે પોતાના હવાલાની મોટર સાયકલ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી મનસુખભાઈ શીવલાલ લોઢીયા રોડની સાઈડમાં ઉભેલ હતા તેની સાથે અથડાવી દઈ રોડ ઉપર પછાડી દઈ અને શરીરે નાની મોટી ઈજાઓ કરી મોત નિપજાવી દીધાની મોટર સાયકલના ચાલક સામે ફરિયાદ નોંધાઈ છે.















## ફિલ્મી સફર (એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

**પ્રકરણ-૧૭૬**

**''ડમ ડમ ડીગા ડીગા મેસમ ભીગા ભીગા. બિન પીએ મે તો ગીરા ..''**
**''તેરી રાહો મે ખડે હૈ દિલ થામ કે.હાએ.હમ હૈ દીવાને તેરે નામ કે''**
**''મેરે તૂટે હુવે દિલ સે. કોઈ જો આજ યે પૂછે કે તેરા હાલ ક્યાં હૈ ''**

**પ્રિય વાચક મિત્રો,**

ઉપર ના ગીતો વાંચી ૫૦ થી ૬૦ ના વાચક મિત્રો ને ઓલ ઈન્ડિયા રેડિયો યાદ આવી ગયું હશે, જેમાં કોઈ સંદેહ નથી. આ ગીતો આજ ની સુપર હિટ ફિલ્મ 'છલિયા' ના છે . આ ફિલ્મ નિર્માતા નિર્દેશક મનમોહન દેસાઈના નિર્દેશન માં પ્રથમ ફિલ્મ છે. મનમોહન દેસાઈ એટ્લે હિન્દી સિનેમાના એવા નિર્માતા નિર્દેશક કે જેમણે હિન્દી સિનેમાને એક મસાલાં ફિલ્મમાં પરાવર્તિત કરી, પ્રથમ ફિલ્મ થી જ પરિવારના સભ્યો વિખૂટા પડી જાય અને ફિલ્મના અંત માં સુખદ મિલન થાય તે પ્રણાલી અપનાવી છે, અને આવી કહાની સાથે મનમોહન દેસાઇ એ સુપર સ્ટાર અમિતાભ સાથે બ્લોક બુસ્ટર સફળ ફિલ્મો આપી, તેમની આ પ્રણાલી ને આગળ જતાં હિન્દી સિનેમાના ઘણા નિર્માતા નિર્દેશકો એ અપનાવી અને સફળ પણ રહ્યા, મનમોહન દેસાઈ એ હમેંશા સફળ કલાકારો સાથે કામ કર્યુ, જેમ કે રાજ કપૂર, શમ્મી કપૂર, રાજેશ ખન્ના, ધર્મેન્દ્ર અને અમિતાભ બચ્ચન અને તેમની ફિલ્મો પણ સુપર હિટ રેહતી હતી. મનમોહન




દેસાઈનો જન્મ ૨૬ જાન્યુઆરી ૧૯૩૭ ના રોજ. મુંબઈ માં થયો, તેમના પિતા કિકુભાઈ એક ફિલ્મ નિર્માતા હતા, અને ૧૯૩૧ થી ૧૯૪૧ ના સમયમાં પેરે માઉન્ટ સ્ટુડિયો ચલાવતા હતા, તેઓ સ્ટંટ ફિલ્મો વધુ આપતા હતા, મનમોહનના મોટા ભાઈ સુભાષ દેસાઈ ૧૯૫૦ ના સમય માં નિર્માતા બની ગયા હતા, અને મનમોહન તેમની સાથે કામ કરતાં હતા, ૧૯૬૦ માં રાજ કપૂર અને નુતન ને ચમકાવતી ફિલ્મ 'છલિયા થી તેઓ નિર્દેશક બન્યા. મનમોહન દેસાઈ દર્શકોની નાડ ઓળખી ગયા હતા, અને પારિવારિક કે સંદેશ આપતી ફિલ્મો ના બદલે માત્ર મનોરંજન તેમણે દર્શકો ને પીરશ્યું અને સફળ રહ્યા. તેમના અંગત જીવન માં જોઈ એ તો તેમની પત્ની નું નામ જીવન પ્રભા હતું, તેમના થી તેમને એક પુત્ર કેતન પ્રાપ્ત થયો, જે આગળ જતાં પિતાના વ્યવસાય ને આગળ લઈ ગયો. કેતન ના લગ્ન શમ્મી કપૂર ની પુત્રી કંચન સાથે થયા હતા. મનમોહન ની પત્ની ના અવસાન બાદ તેઓ અભિનેત્રી નંદા સાથે મૈત્રી સંબંધો થી સાથે રેહતાં હતા, ૦૧ માર્ચ ૧૯૯૪ ના રોજ તેઓ પડી જતાં આ દુનિયા થી વિદાય લીધી, અને અમર થયા. છલિયા-સુભાષ દેસાઇ ના નિર્માણ અને મનમોહન દેસાઇ ના નિર્દેશનમાં, યોડોર દોસ્તો વેચકી ની લઘુ કહાની ' વ્હાઇટ નાઈટ ' પર આધારિત ઈન્દર રાજઆનંદ ની કહાની, સંવાદ, એન સત્યતન ની એડિટિંગ સાથે, રાજ કપૂર , નુતન, રેહમાન, માં. બુપેટ, શોભના સમર્થ અને પ્રાણ થી અભિનીત આ ફિલ્મમાં મનમોહન દેસાઈ નિર્દેશનમાં થોડા ટૂંકા પડયા છે, જેમ કે, રાજ અને નુતન જયારે મળે છે, તો શિયાળો છે, અને ત્યારબાદ ના દ્રશ્યો માં વરસાદ આવી જાય છે, પ્રાણ નુતન ને પાકિસ્તાન માં સંભાળી ને રાખે છે, બહેન બનાવી રાખેલ છે, તે સત્ય નુતનના પતિ રેહમાન સુધી પહોંચતું નથી. મનમોહન આ ફિલ્મ સમયે નવા હતા, પણ આગળ જતાં જયારે સફળ બન્યા ત્યારે તેમણે કહ્યું હતું કે : મારી ફિલ્મોમાં બુધ્ધિ નો ઉપયોગ ના કરવો. એ માત્ર ને માત્ર મનોરંજન માટે જ બનાવેલ છે ' અને આજ પ્રણાલી તેમણે શરૂઆત થી જ અનુસરી હતી, અહી રાજ કપૂર ને ચોર અને બદમાશ ના પાત્ર માં સ્થાન મળ્યું છે, આ પેહલા ની ફિલ્મ શ્રીમાન સત્યવાદી અને છલિયા માં રાજ કપૂર ફાઇટ્સ કરતાં જોવા મળે છે, રાજ એક અદ્બુત કલાકાર છે, અને તેના પાત્ર માં ઓતપ્રોત થઈ જાય છે, અહી રાજ અને પ્રાણ ની ફાઇટ્સ એવી . જબરજસ્ત ચિત્રિત થયેલ છે કે રાજ આવી ફાઇટ્સ કરી શકે તે પણ દર્શકો એ અનુભવ્યું છે .

ભારત, પાકિસ્તાન ના ભાગલા થયા અને અનેક પરિવારો બરબાદ થઈ ગયા, અમુક યુવતીઓ પાકિસ્તાન માં લઈ જવાઈ તો અમુક યુવતીઓ ભારતમાં પ્રવેશી ગઈ, તેમની સાથે શું થયું હશે ? તેની કલ્પના પણ કરવી-મુશ્કેલ છે, પણ અહીં આ ફિલ્મ માં એવી જ એક યુવતી ની કથા છે. જેમ કે નુતન એક અલ્લડ યુવતી છે, અને રેહમાન સાથે તેના લગ્ન થાય છે, પણ ભારત, પાકિસ્તાન ના ભાગલાના રમખાણોમાં નુતન પાકિસ્તાન પહોચી જાય છે, ત્યારે તે ગર્ભવતી હોય છે, ત્યાં તેની મુલાકાત અબ્દુલ રેહમાન ખાન એટ્લે પ્રાણ સાથે થાય છે, પ્રાણ ની સગી બહેન પણ ભારત ભગાડી જવાઈ છે, તેને લિયા નામ ના શખ્સ ની તલાશ છે, પ્રાણ નુતન ને તેની બહેન સમજી તેની ઈજ્જત સાથે રક્ષા કરે છે, પાંચ વર્ષ બાદ ભારત અને પાકિસ્તાન થી એકબીજા ના નાગરિકો ની ફેર બદલ થાય છે, નુતન તેના પુત્ર સાથે ભારત આવે છે, અને નારી સુરક્ષા કેન્દ્ર માં રેહતી હોય છે, નુતન ના માતા પિતા અને ભાઈ તેને મળવા આવે છે, પણ પાંચ વર્ષ પાકિસ્તાન રહેલ હોવા થી તેને સ્વીકારતા નથી. રેહમાન તેના પિતા નો વિરોધ સહન કરી નુતન ને તેડવા આવે છે. સાથે તેના પુત્ર ને જોઈ ખુશ થાય છે, પણ ખુશી જાજો સમય રેહતી નથી, બચપણ થી પિતા ના પ્રેમ માં તરસતા બાળકે પ્રાણ ને પિતા સમજે છે, અને પાકિસ્તાની નામ 'અનવર' ધરાવે છે. જાણી નુતન અપવિત્ર છે. માની રેહમાન પણ તેનો ત્યાગ કરે છે. નુતન તેના પુત્ર ને ભગવાન ભરોશે છોડી આત્મ હત્યા કરવા જાય છે. ત્યાં રાજ તેને બચાવી લે છે, રાજ એક અનાથ અને ચોર યુવક છે, પણ તેના દિલ માં સચ્ચાઈ છે, તે નુતન ને તેની જોપડી માં લાવે છે, હમેંશા પ્રેમ થી તરસતા રાજ ને નુતન માં જીવન સાથી દેખાય છે, પણ નુતન તેના પ્રેમ નો સ્વીકાર કરતી નથી, અને રાજ ને સચ્ચાઈ બતાવે છે, નુતન નો પુત્ર એક સ્કૂલ માં દતક લઈ લેવા માં આવે છે, જે સ્કૂલ માં રેહમાન શિક્ષક છે, આ નુતન ને જાણ થઈ હોય છે, તે તેના પુત્ર ને લઈ ચિંતિત હોય છે, તેમાં થોડી રાહત થાય છે .

રાજ ને મારવા પ્રાણ ભારત આવે છે, તેને શંકા છે કે રાજે તેની બહેનનું અપહરણ કરેલ છે. રાજ અને પ્રાણ વચ્ચે લડાઈ થાય છે. પણ નુતન




ત્યાં આવી જાય છે, સત્ય ની જાણ થતાં પ્રાણ માફી માંગી પાકિસ્તામ જતો હોય છે, ત્યાં ટ્રેન માં એક સરદારજી તેની બહેન સાથે તેનો મિલાપ કરાવી દે છે. રાજ ને રેહમાન નુતનનો પતિ છે ની જાણ થતાં, રામ ના વચનો અને કથા દ્વારા રેહમાન અને નુતનનું મિલન તેના પુત્ર સહિત કરાવી આપે છે તેનો નુતન પ્રત્યેનો પ્રેમદિલ માં જીવંત રાખે છે . ફિલ્મ રાજ કપૂર, નુતન અને રેહમાન અને પ્રાણ ના લાજવાબ અભિનય ની સાથે કલ્યાણજી આનંદજી ના મધુર સંગીત થી યાદરખાય છે. લક્ષ્મીકાન્ત પ્યારેલાલ આ ફિલ્મ માં સહાયક સંગીત નિર્દેશક છે.

ફિલ્મના ગીતો કમર જલાલા બાદી એ લખ્યા છે, સંગીત કલ્યાણ જી આનંદ જી એ આપ્યું છે, તેમના માટે આ ફિલ્મ સફળતાની સીડી સાબિત થઈ હતી, મુકેશ જી, લતાજી, અને રફી સાહેબના સ્વરમાં આ ફિલ્મ ના ગીત આજેપણ લોકપ્રિય છે. મુકેશજીના સ્વરમાં છલિયા મેરા નામ. હિન્દુ મુસ્લિમ શીખ ઈસાઈ સબ કો મેરા સલામ અને મેરે તૂટે હુવે દિલ સે કોઈ જો આજ યે પૂછે કે તેરા હાલ કયા હૈ ? કે તેરા હાલ ક્યાં હૈ. અને ડમ ડમ ડીગા ડીગા મૌસમ ભીંગા ભીગા . બિન પીએ મે તો ગીરો હાએ અલ્લાહ સુરત આપ કી શુભાન અલ્લાહા' યાદગાર મુકેશજી ની યાદ છે. તો લતાજીના સ્વર માં, તેરી રાહો મે ખડે હૈ દિલ થામ કે હાએ. હમ હૈ દીવાને તેરે નામ કે..મેરી અંખિયો કે નૂર, મેરે દિલ કે શુરૂર આ ગીત ના શબ્દો અને નિર્દેશન એટલું સરસ છે કે નુતન તેના પતિ અને બાળક ને સંબોધી આ ગીત ગાય છે, અને રાજ તેને તેના પ્રત્યે નો પ્રેમ સમજી બેસે છે. ફિલ્મ નો અંત રફી સાહેબ ના મુલાયમ સ્વર સાથે, ગલી ગલી સિતા દ્વારા રામ અને સિતા માતા ના પ્રસંગો નું વર્ણન જે આ ફિલ્મ માં રેહમાન અને નુતન ને સ્પર્શતું હોય છે. તે ગીત દ્વારા રજૂ કરાય છે, રાજસાહેબ ને અહીં રફી સાહેબ નો સ્વર અપાયો છે. આ ફિલ્મ ૧૯૬૦ ના ટોપ ટેન ફિલ્મો પૈકી ની સાતમા નંબર ની સફળ ફિલ્મ રહી હતી.

રાજ કપૂર ની હોમ પ્રોડક્શન ની ફિલ્મ ને આ વર્ષ ની સુપર હિટ ફિલ્મ રહી તેની વાત કરીશું . નરગિસે આર કે બેનર છોડયા બાદ રાજ સાહેબે ૧૯૫૫ બાદ ૧૯૬૦ માં તેમના હોમ પ્રોડક્શન ની ફિલ્મ માં કામ કર્યુ છે, તે પેહલા બુટ પોલીસ, અબ દિલ્હી દૂર નહીં માં તેમણે અભિનય આપેલ ના હતો. રાજ સાહેબ ની ડાકુ ના હૃદય પરીવર્તન પર આધારિત સંગીત મય ફિલ્મ સાથે આગામી અંક માં મળીશું. આભાર હિતેશ જોશી

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases)-ભાગ-૫૦

**બિહેવીયર થેરપી :**

વજન ઘટાડવાની દવા લેવા આવનારા દર્દીનો પહેલો પ્રશ્ન હોય છે કે દવા બંધ કરીશું એટલે પાછું વજન વધી તો નહી જાય ને ? આ પ્રશ્ન મોટા ભાગે બહેનો દ્વારા જ પુછાય છે, તેના જવાબમાં કાયમ મારો એવો જવાબ હોય છે કે તમે ઘરે કચરા - પોતા કરી ઘર ને રોજ સાફ કરો છો કે એકવાર કરો એટલે કાયમ ચાલે છે ! કયાય એવી દવા કે થેરાપી નથી જેનાથી એકવાર વજન ઘટી જાય પછી વધે નહી, વજન ઘટાડવા અને ઘટી ગયેલું વજન જાળવી રાખવા તમારે તમારી દિનચર્યા માં કાયમી ફેરફાર કરવો જ પડે.

વજન ઘટાડવા માટે અને ઘટી ગયેલું વજન જાળવી રાખવા માટે મને સૌથી અગત્યની બાબત લાગે છે મન નો નિશ્ચય, દ્રઢ મનોબળ, ધીરજ અને નિયમિતતા.

માણસ પાસે ચોક્કસ જાણકારી હોવા છતા, પોતાને નુકસાન કરે એવી વર્તણૂક એ જલદી બદલી શકો નથી. જાડાપણાના અનેક દર્દીઓ કસરત ન કરવાથી ગેરલાભ થાય છે કે વધુ શક્તિ-ચરબીવાળો ખોરાક ખાવાથી ખૂબ નુકસાન થાય છે એ જાણતા હોવા છતાં પોતાની આળસમાં કે ખાવા પીવાની ટેવોમાં પરિવર્તન લાવી શકતા નથી. જો પોતાની ટેવો, વ્યસનો કે વર્તણુકમાં પરિવર્તન લાવવું હોય તો માત્ર જાણકારી મેળવવાથી એ શકય નહીં બને. કઈ ટેવો કે વર્તણુક નુકસાનકારક છે એની જાણકારી મેળવવી ખૂબ આવશ્યક છે પરંતુ માત્ર જાણકારી વર્તણૂકમાં પરિવર્તન લાવવા માટે અસમર્થ છે. જાણકારીની સાથે સાથે જરૂરી છે - દૃઢ નિશ્ચય માણસની વર્તણુક બદલવા માટેની મથામણને બિહેવીયર થેરપી(વર્તણુક ઉપચાર પદ્ધતિ) તરીકે



ઓળખવામાં આવે છે. જાડાપણાના દર્દીઓને વજન ઉતારવા માટે આવી બિહેવીયર થેરપી ઘણી ઉપયોગી થાય છે. બિહેવીયર થેરપી વર્ષોથી વ્યસનમુક્તિ માટે વપરાતી આવે છે અને જાડાપણાના દર્દીઓમાં પણ એના પ્રોત્સાહક પરિણામો મળે છે. જાડાપણાના દર્દી માટે બિહેવીયર થેરપીમાં નીચેના મુખ્ય મુખ્ય મુદ્દાઓનો સમાવેશ થાય છે.


## કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા - જાડાપણૂં (Life Style Deases)-ભાગ-૧૩

(૧) સ્વ-દેખરેખ; (૨) ઉત્તેજના-નિયંત્રણ (૩) હકારાત્મક અભિગમ અને વૈચારિક નવનિર્માણ (૪) તણાવ મુક્તિ (૫) પ્રોત્સાહન (૬) કટોકટી નિયંત્રણ અને (૭) નિષ્ફળતામાંથી શિક્ષણ. આ સાત મુદ્દાઓ પર તલસ્પર્શી અભ્યાસ - વિચાર - સ્વાધ્યાય જરૂરી છે.

**(૧) સ્વ-દેખરેખ :** કોઈપણ વર્તણુક બદલવા માટે સૌથી પાયાની બાબત અત્યારની પોતાની વર્તણુકને પ્રયાનપૂર્વક, ઊંડાણથી સમજવાની છે. ઘણી વખત ઊંડાણપૂર્વક વિચારવાથી ક્યારે - કેવી પરિસ્થિતિમાં વધુ ખવાઈ જાય એ સ્પષ્ટ બને છે. ખોરાક - સંબંધી વર્તણુકની સ્વ - દેખરેખ માટે, નીચેના મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને રીતસરની લેખિત નોંધ રાખવી જરૂરી છે.

**ખાવાના સમય અને સ્થળ :** રોજ કઈ જગ્યાએ, કેટલા વાગ્યે ખોરાક કે પીણું લીધાં એની નોંધ (લોગબુક) બનાવવી.૧૦-૧૫ દિવસ પછી એનું વિશ્લેષણ કરવું.

ખોરાક ખાતી વખતે અન્ય કોઈની હાજરી કંપની હતી ? દરેક ટંકે



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

એકલા ખાધુ કે અન્ય કોઈની હાજરીમાં ખાધું એની નોંધ રાખવી. કોઈ ચોક્કસ વ્યક્તિ કે સમુહની હાજરીમાં વધારે ખવાય છે કે એકલા એનો અંદાજ આ નોંધ રાખવાથી આવી શકશે.

શું ખાધું ? કેટલું ખાધું ? દરેક ટંકે ચોકકસ કેટલો ખોરાક લીધો એની નોંધ ખૂબ આવશ્યક છે. ઘણા લોકો થોડું થોડું લઈને ખૂબ ખાઈ લેતા હોય છે - જે એમના પોતાના પણ પ્રયાન બહાર હોય છે. હરતાં ફરતાં એકાદ ટૂકડો ખાધો હોય તો એની પણ નોંધ કરવી. ઘણી બધી વ્યક્તિઓ આખા દિવસની નોંધ વાંચીને બે-ત્રણ દિવસમાં જ સમજી જાય છે કે પોતાની ધારણાં કરતાં પોતાનો ખોરાક ઘણો વધારે છે અને આપોઆપ જ ખોરાક પર કાબૂ આવતો જાય છે. શું ખાધું એ પણ એટલું જ અગત્યનું છે. ઘણી વખત વ્યક્તિ પોતાની જાણ બહાર જ વધુ પડતી ચરબી અને કેલરીવાળો ખોરાક લેતી હોય છે જે આ નોંધ રાખવાથી ધ્યાન પર આવે છે.

ખાતીવખતે શું વિચાર કે લાગણી થયાં ? દરેક ટંકના ખોરાક સાથે સંકળાયેલ વિચારો અને લાગણીની પણ નોંધ રોજ રાખવી જરૂરી છે. ખાવાનો સંતોષ થયો કે નહી. ચિંતાતુર લાગણી સાથે ખોરાક લીધો કે સ્વસ્થ ચિત્તે, ખાઈને કયાંય જવાની ઉતાવળ હતી કે નિરાંત હતી. આ બધાં પરિબળોની નોંધ રાખવી ખૂબ જરૂરી છે. કઈ માનસિક પરિસ્થિતિમાં વધુ ખોરાક ખવાઈ જાય છે તે આ નોંધ ઉપરથી ખ્યાલ આવે છે. કેટલાક લોકો ટેન્શનમાં બમણું ખાઈ લે છે તો અન્ય કેટલાક ટેન્શનમાં અડધો ખોરાક લે છે.

ખાવા ઉપરનાં નિયંત્રણનો અહેસાસ થાય છે ? ઘણાં લોકોને ખોરાકનાં નિયંત્રણો ખુબ આકરાં અને અસહ્ય લાગતાં હોય છે જયારે અન્ય કેટલાક લોકોને ખાસ કશી તકલીફ ખોરાકી




નિયંત્રણથી લાગતી નથી. ઈ વખતે, કયા સંજોગોમાં ખોરાકનું નિયંત્રણ અસહ્ય લાગ્યું, કયારે નિયંત્રણની ખબર જ ન પડી અને કયારે નિયંત્રણ ન રાખી શકાયું આ વિગતની રોજેરોજની નોંધ સ્વ-દેખરેખ માટે ખૂબ ઉપયોગી થાય છે.

**(૨) ઉત્તેજના-નિયંત્રણ :** ખોરાક ખાવાને ઉત્તેજન આપે એવી પરિસ્થિતિ -વ્યક્તિ કે વસ્તુથી દૂર રહેવાથી ખોરાક ઉપર સારૂ નિયંત્રણ આવી શકે છે. ખાવાની ઉત્તેજના પર નિયંત્રણ આવે એ માટે - ખોરાકને એવી જગ્યાએ, એવા વાસણમાં રાખવા કે હરતાં ફરતાં નજરે ન ચડે.- જેમને ખાવા પર નિયંત્રણ રાખવું હોય એમણે જાતે રસોઇ ન બનાવવી - ખૂબ ભાવતી તૈયાર વાનગી કે ખાદ્યપદાર્થ જાતે બજારમાં લેવા ન જવું. - ટી.વી.ની જાહેરાતો જોવાનું ટાળવું. ટી.વી. જોતાં જોતાં કદી પણ ન ખાવું. - ફાસ્ટ - ફુડ, ફરસાણ, મીઠાઇ વગેરે જાતે ન જ ખરીદવા. ફળો, શાક - ભાજી ખરીદી શકાય.

**(૩) હકારાત્મક અભિગમ અને વૈચારિક નવનિર્માણ :** જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ દાખવનાર સફળ તાપૂર્વક વર્તણુંકમાં પરિવર્તન લાવી શકે છે. વૈચારિક સ્પષ્ટતા અને નાની નાની વાતોમાં લાગણી શીલ ન થઈ જવાની ટેવ કેળવવાથી સ્વસ્થ ચિત્તે ઘટનાઓ, બીમારી અને આરોગ્ય જાળવણીની વાસ્તવિકતા નજર સમક્ષ આવશે. નિરાશાવાદી વ્યક્તિઓ પોતાની આરોગ્ય જાળવણી પ્રત્યે પણ બેદરકાર જ રહે છે અને વજન ઉતારવામાં સફળ નથી થઈ શક્તા.

**(૪) તણાવ મુક્તિ :** કસરતો અને યોગાસન - ધ્યાન : સ્વસ્થ હકારાત્મક વિચારવાની રીત તણાવ - મુક્તિનું પહેલું પગથિયું છે. એની સાથો સાથ રોજની ૪૫ મિનિટની એરોબિક સરત (ચાલવું, દોડવું, તરવું, સાઈકલીંગ, દોરડાં કુદવાં વગેરે) અને ૧૫-૨૦ મિનિટ આસન-ધ્યાન શારીરિક અને માનસિક સ્ફૂર્તિ આપે છે, તણાવમાંથી મુક્તિ અપાવે છે. ધીમા ઊંડા શ્વસો શ્વાસ અને શવાસન પણ તણાવ-મુક્તિ માટે ઉપયોગી છે.

**(૫) પ્રોત્સાહન :** મિત્રો, વડીલો. ડોકટર વગેરે તરફથી સતત પ્રોત્સાહન મળતું રહે તો આહાર - નિયંત્રણ સફળ થાય છે. પ્રોત્સાહન ન મળે તો કંઈ નહીં. પરંતુ નિષ્ફળતા બદલ ટોકવાનું કે મ્હેણાં મારવાનું બંધ થાય તો પણ વ્યક્તિ ભવિષ્યમાં સફળતા મેળવી શકે છે. વ્યક્તિ પોતે પણ પોતાની સિદ્ધિ (દા.ત. ૧ કિલો વજન ઉતારવા) માટે ખોરાક સિવાયના રિવોર્ડસ (દા.ત. પિક્ચર, પિકનિક વગેરે) મેળવી શકે.

**(૬) કટોકટી નિયંત્રણ :** બધુ કરવાં છતાં કોઇક નબળી ક્ષણ, વ્યક્તિ પોતાની ખોરાકની જુની કુટેવો શરૂ કરી દે છે. આવી ક્ષણોને સ્વ - દેખરેખથી ઓળખી એનાથી દૂર રહેવાના બધા પ્રયત્નો કરવા જોઈએ અને જયારે આવું થાય ત્યારે શું ખાવું તથા ખાવા સિવાય બીજી કઈ રીતે આ વર્તણુક કાબૂમાં લેવી એનો વિચાર પહેલેથી કરી રાખવા.

**(૭) નિષ્ફળતામાંથી શિક્ષણ :** કોઈપણ ટેવ પહેલા જ પ્રયત્ન છૂટતી નથી. માટે, બે-ત્રણ વખત નિષ્ફળ પ્રયત્નથી ડરી ન જશો પરંતુ એમાંથી શીખીને ફરીથી એવુ ન થાય એની વિશેષ કાળજી રાખીને વર્તણૂકમાં હકારાત્મક પરિવર્તન લાવવા મંડયા રહેશો તો જરૂર સફળતા મળશે.

# નારદ : આપણા ઋષિઓ

મુનિઓના વસવાટને કારણે સુંદર, શાંત અને પવિત્રતાથી સભર વનપ્રદેશના એ આશ્રમમાં કોઈ મુનિ તેઓની પત્ની અને બાળકો સાથે વસતા હતા અને યોગાભ્યાસ સાથે ધર્મકાર્યમાં સમય વ્યતીત કરતા હતા.

એક અનાથ, અસહાય, વ્યથિત, દુઃખથી દબાયેલી, કૃશકાય સ્ત્રી કેડમાં બાળક ઊંચકીને ત્યાં આવી. ચાલીચાલીને થાકથી પીડાતી તે સ્ત્રીને ઋષિએ તેનાં નામઠામ પૂછયાં ત્યારે સ્ત્રી એટલું જ બોલી શકી : ''હું વખાની મારી આવી છું નામઠામ પૂછી મને વધુ દુઃખી ન કરશો.''મુનિ સમજી ગયા અને તે માતા-પુત્રને આશ્રમમાં રહેવાની સગવડ કરી આપી. ટીખળી સ્વભાવનો, નિર્દોષ આનંદમાં મસ્ત રહેતો બાળ સૌનાં લાડપાન પામવા લાગ્યો. વિદ્યાવ્યાસંગી મુનિએ અન્ય બાળકો સાથે આ બાળકને પણ વિદ્યાઅભ્યાસ કરાવવો શરૂ કર્યો. બાળકનું નામ તેના સ્વભાવને અનુરૂપ રાખ્યું : 'નારદ' 'નાર' એટલે મુદા આનંદ અને 'દ' એટલે દેનાર - સૌને આનંદ આપનારો આ બાળક ' નારદ' નામથી ઓળખવા લાગ્યો અને એ બાળ સત્સંગમાંના શબ્દોને મોતીની જેમ ઝીલતો અને હંસોની જેમ ચારો ચરતો, સાંભળેલા જ્ઞાન વિશે એકાંતમાં ચિંતન-મનન કરતો. ઋષિએ બાળકને એક તુબૂર ભેટ આપ્યો અને ધીરેધીરે નારદ તંબૂરવાદનમાં પ્રવીણ થતો ગયો. આખો દિવસ તે ભજનોની ઝૂક બોલાવતો અને આશ્રમનું વાતાવરણ ભકિતસંગીતથી છવાઈ જતું.

શાંતિ, સંતોષ અને હર્ષ પામેલી અને બ્રહાણોની સેવિકા બનેલી આ શુદ્ર દાસીમાતા આશ્રમનાં બધાં કામો કરતી રહેતી. એક દિવસ ગાય દોહની હતી ત્યાં તેને કાળો નાગ ડસ્યો. માતા મૃત્યુ પામી. નારદ નમાયો થયો. ખુબ દુઃખી થઈ ગયો. તરત જ તેને પોતાનો ભકિતનો માર્ગ મોકળો થતો દેખાયો. હવે તેને અહીં ચેન પડતું ન હતું, તેથી એક વહેલી સવારે આશ્રમ છોડી ઉતર દિશામાં હિમાલય તરફ તેણે વાટ પકડી. દૂરદૂર નદીકિનારે ઊભેલા પીપળાના ઝાડ નીચે બેસી પ્રભુના ધ્યાનમાં સમાધિષ્ઠ થઈ ગયો. જાગ્યો ત્યારે જાણે બધું જ ભૂલાઈ ગયું હતું. બચ્યો હતો કેવળ આનંદ કોઈએ જાણે તેના કાનમાં કહ્યું : ''તંબૂર સાથે તું ભજન કર અને સૌને ભકિતપ્રવાહ તરફ વાળવા પ્રયત્ન કર.'' અને નારદે જીવનભર એ જ કાર્ય કર્યુ. નારદ આનંદસ્વરૂપ છે, તેથી તો એ નરવિશેષ છે. અન્ય કથાનક મુજબ આ દુઃખી બાળ આશ્રમમાંથી હિમાલય તરફ ચાલ્યો અને થાકીને ગંગાતટે વિશ્રામ કરતો હતો ત્યાં તેને અદભુત તેજોમય દિવ્ય દર્શન થયાં. આકાશવાણી થઈ : ''તારું આ શરીર છૂટી જશે પછી તું બ્રહમાના માનસપુત્ર તરીકે જન્મ લઈશ.'' આગળ જતાં તેઓ 'દેવર્ષિ નારદ' તરીકે ઓળખાયા. બ્રહમાજીએ તેમને 'મહતી' નામની વીણા આપી. જે દેવર્ષિ ભગવાન વિષ્ણુનું મૂર્તિમાન મન છે એવા નારદજીને નમસ્કાર.

'છાંદોગ્ય ઉપનિષદ'ના સાતમા અધ્યાયમાં એક ઉલ્લેખ છે. એક વાર નારદજી ભગવાન સનત્કુમારની પાસે જઈ ઉપદેશની માગણી કરે છે. ભગવાન સનત્કુમારે તેમને પોતે જે કાંઈ જાણતા હોય તે કહી બતાવવા કહ્યું : ''પ્રભુ ! હું ' ઋગ્વેદ', 'યજુર્વેદ','સામવેદ',' અથર્વવેદ', જાણું છું ઈતિહાસ, પુરાણ, વ્યાકરણ, શ્રાદ્ધનું શાસ્ત્ર, ગણિત, નિધિશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, વ્યુત્પતિશાસ્ત્ર, વૈદકવિદ્યા, ભૂતતંત્ર, ધનુર્વેદ, જયોતિષ, સર્પવિદ્યા, નૃત્યવિદ્યા, દેવવિદ્યા, ગંધર્વવિદ્યા ને મનુષ્યવિદ્યા - એ બધી વિદ્યા પણ હું જાણું છું, પરંતુ તે તો બધી મંત્રવિદ્યા જ છે, તે તો બધી મંત્રવિદ્યા જ છે, તે તો બધું અક્ષરજ્ઞાન થયું, પણ મને હજી આત્માનું જ્ઞાન નથી થયું. મેં સાંભળ્યું છે કે આત્માને જાણનારના જ શોક ને મોહ દૂર થાય છે. હે પ્રભુ ! તમે મારો શોક દૂર કરો.''

# દુઃખી થવાનાં દ્વાર ઘણાં છે. સુખની તો થોડીક જ બારી, પાણી બચાવવા-પાણી બતાવવું એ જ છે સૌની સાચી જવાબદારી

**આગળના અંકનુ ચાલુ ....**

'પાણી બચાવો' એ સૂત્ર અને સમસ્યા બન્ને સારી રીતે હું અનુભવી શકું છું પાણી માટે ઊઘાડા પગે દોડતી કૂવાઓમાં ઊતરતી મહિલાઓની વેદનાને વ્યથાને સારી રીતે સમજી શકું છું.

આજે પણ અમારાં બન્ને ઘરની પાણી ભરવાની જવાબદારી જાતે જ સંભાળું છું પાણીના ટાંકા ઓરફલો ન થાય એક ટીપું પણ પાણી બગડે નહીં એટલે સબમર્શીબલ ચાલુ કરાવીને જાતે જ દરરોજ અગાસીમાં ખડે પગે ઊભો રહું છું કાયમ પાઈપલાઈન દ્વારા ટાંકામાં પડતી પાણીની જલધારાની વંદના કરું છું જળદેવીનું આહવાન કરું છું અને જગતને કાયમ તૃપ્ત રાખવાની પ્રાર્થના કરું છું. ચોમાસાનું પાણી ફળિયામાં આવેલા પાણીનાં દારમાં ભૂગર્ભમાં ઊતારી દેવા,દારને રિચાર્જ રાખવા તત્પર રહું છું ઘરે તુલસીકયારામાં જ જળદેવીની સ્થાપના કરેલ છે, તેમનાં ઉપર કાયમ અભિષેક કરું છું પાણીની સાથે નાડુનું જોડાણ હોય તેને ઈશ્વરનું વરદાન માનું છું આજે પણ બાથરૂમમાં જરૂરથી વધારે વખત નળ ચાલું રહેવાનો અવાજ સાંભળું છું ત્યારે મગજ ઉપરનો કાબૂ ગુમાવા માંડે છે. આપોઆપ જ સૂચનો નીકળી જાય છે.

જે પાણી આપણાં દાદા પરદાદાએ કાયમ નદીઓમાં વહેતું જોયું આપણા પિતાજીએ કુવાઓમાં જોયું આપણે નળમાં જે જોઈએ છીએ. આપણા સંતાનો બોટલમાં જુએ છે તો વિચારો કે તેમનાં પાણી સંતાનો પાણી શેમાં ? ચમચીમાં ???




**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૭૪ - અમરેલી


વર્તમાન પરિસ્થિતિઓને સંજોગોને જોતા ચોકકસ કહી શકાય કે આવનારાં સમયમાં ત્રીજું વિશ્વયુદ્ધ કદાચ લડાય તો આ શકયતાને નકારી શકાય તેમ નથી આપણાં દેશમાં જયારે ભૂર્ગભજળ વાર્ષિક એક ફુટની ઝડપે નીચે ઊતરી રહ્યું છે. ત્યારે સમગ્ર માનવજાત માટે આ સમસ્યા ગંભીર બની રહી છે. સિમેન્ટનાં પથરાતા જંગલો પર્યારણનો આડેહાથ થઈ રહેલો વિનાશ, ધરતીનું અવિરત ચાલી રહેલું દોહન કલાઈમેટસનાં બદલાવ પ્રદુષનું સતત વધતું સ્તર ગ્લોબલ વોર્મિગનો વધતો પ્રભાવ અતિવૃષ્ટિને નોતરે છે આ સંઘળા પરિબળો જો જો હો કયાંક આ બહુરત્ન વસુંધરાને પાણી વગરની બનવા મજબૂર ન કરી દે ''પાણી પહેલાં જ પાળ બાંધવાનો આ સમય છે'' સૌ કોઈ જાગી જવા માટે જાણે કે સમયચકની હાંકલ છે. ત્યારે પાણી બાબતની ગફતલ ખૂબ મોંઘી પડી શકે છે. ''તુજથી જે ન થઈ શકે એ જ પ્રભુ પાસે કરાવ પાણિવારૂ પ્રભુ નહિં ભરે એ ભરશે નહી તળાવ .''

# શ્રીનગરમાં કૃષિ યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રિય કોન્ફરન્સને સંબોધતા દિલીપ સંઘાણી



દેશના વિકાસનું પ્રમુખ પીઠબળ કૃષિ અને સહકારને દેશના પ્રવાસન ક્ષેત્ર એવા પહાડી વિસ્તારના વિકાસમાં મહત્વની ભૂમિકા નીભાવવા તત્પર છે તેમ જમ્મુ–કાશ્મિરના પ્રવાસે પહોંચેલા ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીએ શ્રીનગર ખાતે આવેલ શેર એ કશ્મિર કૃષિ યુનિર્વસીટી ખાતે આયોજીત રાષ્ટ્રિય કોન્ફરન્સને સંબોધતા જણાવ્યું હતું. સંઘાણીએ વધુમાં જણાવેલ કે, પ્રધાનમંત્રી મોદી અને સહકાર મંત્રી શાહ સહકારી પ્રવૃત્તિ વધુમાં વધુ લોકભાગ્ય અને સક્ષમ બને, તંદુરસ્ત ખેત ઉત્પાદન મેળવે, જમીન સરાયણમૂકત બને તે દિશામાં અસરકારક પહેલ કરવા પર ભાર મૂકયો હતો. જમ્મુ–કાશ્મિર દેશનું પ્રમુખ પ્રવાસન ક્ષેત્ર છે. પ્રવાસન ક્ષેત્રનો વિકાસની દિશામાં સહકારને સામેલ કરી સહકારીતાનો વ્યાપ વધારવા સાથે કૃષિ, પશુપાલન, પ્રવાસન અને આત્મનિર્ભર યોજનાઓને ગતીશિલ બનાવવા આહવાન કરવા સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના સ્વપ્ન ''સહકારથી સમૃધ્ધિ'' તરફ આગળ વધવા સંઘાણીએ જણાવ્યું હતું. જમ્મુ કશ્મિરના પ્રવાસ દરમ્યાન કશ્મિર ડેરી ચેરમેન વિક્રાંત ડોગરા, ઈફકો સ્ટેટ માર્કેટીંગ મેનેજર સુખપાલ સિંહ સિધ્ધુ, ડાયરેકટર એમ.કે. વર્મા, ઈફકો આર.જી.બી. સદસ્યા સકિલા અખ્તર, સરહદ પ્રવાસન સમિતિ અધ્યક્ષ ખાલીદ લોન, શ્રીનગર વિશ્વ વિધાલયના કૃલપતિ નજીર અહેમદ દ્વારા ભવ્ય સ્વાગત સાથે વિશાળ સંખ્યામાં લોકો રાષ્ટ્રીય મહાસંમેલનમાં સામેલ થયા હતા. પ્રવાસ દરમ્યાન સંઘાણીએ પહાડી પ્રદેશોમાં ચાલતી વિવિધ સહકારી પ્રવૃત્તિઓને નિહાળી હતી. તેમ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવાયું છે.

પાના ૧ ઉપરનું ચાલું
## જાફરાબાદનાં દરિયાકાંઠાથી

દરિયામાં મચ્છીમારી કરવા માટે ગયેલ હતા અને ત્યારે બોટની પાછળ ના ભાગે પાળી ઉપર બેઠા હતા અને અચાનક દરિયાનાં પાણીના મોજુ આવતા બોટમાંથી દરિયામાં પડી જતા દરિયાના પાણીમાં ડુબી જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


**સંકુલ ધો. ૬ થી ૧૨ કુમાર શાળા – સીટી અપડાઉન પ્રવેશ**
**ગુજરાતી મિડીયમ – ગઈ સાલથી શરૂ – નવી કુમાર શાળા**

★ બાયપાસ ગેઈટ – CBSE ન્યુ બિલ્ડીંગ – સેપરેટ કમ્પાઉન્ડ – બપોરની શીફ્ટ
★ સીટી – અપડાઉન – બોર્ડીંગ – છાત્રાલય કુમાર ને પ્રવેશ – રૂમ રાખનારને નહી.
★ અધ્યતન લેબોરેટરી – લાઈબ્રેરી – સ્કૂલ બિલ્ડીંગ – ઈ લર્નિંગ – ડેમો લેબ
★ ડેઈલી હોમવર્ક ટેસ્ટ – કોર્સ પૂર્ણ થયે ડેઈલી રીપીટેડલી પરિક્ષા & ત્રિછન પરિક્ષા
★ સાયંસ JEE - NEET - ગુજકેટ & બોર્ડ MCQ – ડેઈલી નિઃશુલ્ક ક્લાસ

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 131


પાના ૮ ઉપરનું ચાલું
## પોક્સો કેસના આરોપીને

બાંધી ૩૬ અઠવાડિયાનો ગર્ભ રાખી દીધેલ હતો. આ અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી. આ અંગેનો કેસ ધારીના સ્પે. પોકસો અને બીજા એડિશનલ સેશન્સ જજ એમ.એન. શેખની કોર્ટમાં ચાલી જતાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨,૫૦,૦૦૦ના દંડની સજા તથા ભોગબનનારને રૂપિયા ૫ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો હતો.

આ બનાવમાં અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના સમઢિયાળ ૧–૨ ગામે રહેતી એક સગીરાને અઢી વર્ષ પહેલાં ગત તા.૧૫–૯–૨૦ના રોજ મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ રાજુલા તાલુકાના કોવાયા ગામે રહેતા નીતિન ઉર્ફે છોટુ અજયસિંગ માવડા નામનાં પરપ્રાંતિય શખ્સે લગ્ન કરવાની લાલચ આપી સગીરાને પોતાની સાથે લઈ જઈ સગીરા સાથે શરીર સંબંધ બાંધી ૩૬ અઠવાડિયાનો ગર્ભ રાખી દીધેલ હતો. આ અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આ અંગેનો કેસ ધારીના સ્પે. પોકસો અને બીજા એડિશનલ સેશન્સ જજ એમ.એન. શેખની કોર્ટમાં ચાલી જતાં એડી.પી.પી. વિકાસભાઈ વડેરાની ધારદાર દલીલોને કોર્ટે માન્ય રાખી આરોપી નીતિન ઉર્ફે છોટુ અજયસિંગ માવડાને પોકસો એક્ટ–૬ અન્વયે ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨,૦૦,૦૦૦ના દંડ તથા પોકસો એક્ટ –૪ અન્વયે ૧૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૫૦,૦૦૦ના દંડની સજા તથા ભોગબનનારને રૂપિયા ૫ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો હતો.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં ફૂટપાથ પર

તદુઉપરાંત સ્ટેશન રોડ, વરસડા રોડ, હરિરોડ, લાયબ્રેરી રોડ વિગેરે ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં ઓટલા, છાપરા, હોર્ડિંગનું દબાણ જાહેર માર્ગ પર હોય પાલિકાનાં શાસકો અને પોલીસ વિભાગે શહેરની તમામ ફૂટપાથને ખુલ્લી કરાવવી જોઈએ અને વધારાનાં ઓટલા, છાપરા કે અન્ય સામાન માર્ગ પર હોય તે હટાવીને પુનઃ દબાણ ન થાય તે માટે ખાસ ટીમની રચના કરવી જોઈએ. રેંકડીધારકો, કેબિન ધારકો માટે વૈકલ્પિક જગ્યા ફાળવવી જોઈએ તેવી માંગ ઉભી થઈ રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં ધારી માર્ગ ઉપર

સારૂ રોડ ક્રોસ કરવા જતા હતા. ત્યારે અમરેલી તરફથી બ્લુ કલર જેવુ એક મોટર સાયકલના ચાલક પુરઝડપે તેનુ મોટર સાયકલ ચલાવી પ્રવિણભાઈ લવાભાઈ વાઘેલાને ઠોકર મારી અકસ્માત કરી પછાડી દઈ માથાના ભાગે ગંભીર ઈજા (હેમરેજ) કરી બાઈક ચાલક સ્થળ પરથી નાસી ગયો હતો. જયારે પ્રવિણભાઈ લવાભાઈ વાઘેલાનું સારવાર દરમ્યાન મરણ ગયેલ હોય. આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


**M.Com.(GM) Sem.- II – સંકુલ પરિણામ**
**૧૦૦% પરિણામ સાથે ૧૦૦% ડિસ્ટીંકશન**
★ શૈ. વર્ષ ૨૨–૨૩ સૌરાષ્ટ્ર યુનિ. પરિણામ 81% – જ્યારે સંકુલ પરિણામ 100%
સંકુલ રેન્કર ★ મોરી પિનલ – 84.00% ★ શેલાર પાયલ – 83.80% ★ અકબરી જેનીશા – 83.80% ★ મીસ્ત્રી દિવ્યા – 83.40% ★ જોષી હેત્વી – 82.00%
**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 126



## જોઈએ છે...

શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ - વેચાણ લિ. સાવરકુંડલાને રેશનિંગ વિભાગ માટે મદદનિશ–૧(એક) ની જરૂર છે. શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછું ધોરણ–૧૨ પાસ. ઉ.વ.૧૮ થી ૩૫ તથા સહકારી મંડળીમાં રેશનીગ કામનો અનુભવ ધરાવતા ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે. તો ઈચ્છુક ઉમેદવારોએ લાયકાત તથા અનુભવના પ્રમાણપત્રની નકલ સાથે દિવસ–૧૦ માં નીચેના સરનામે અરજી કરવાની રહેશે.

**પ્રમુખશ્રી/મેનેજરશ્રી**
સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ-વેચાણ લિ.સાવરકુંડલા
'સહકાર ભવન' સ્ટેશન રોડ, જુના બસ સ્ટેશન પાસે,મુ.તા.સાવરકુંડલા, જિ.અમરેલી.



''અમરેલી એક્સપ્રેસ''
**અમારૂ ઇ–મેઇલ એડ્રેસ**
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
**amreliexpress7@gmail.com**
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **સંજયકુમાર મેઘજીભાઈ દાફડા** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી ચિતલ રોડ
રે. સર્વે.નં. ૩૩–અ પૈકી — સીટી સર્વે નં. ૨૬૨૯/બ પૈકી
બીનખેતી પ્લોટ નં. ૩૭/૧ — જેના ચો.મી. ૭૭–૫૫
રજી. દસ્તાવેજ નં. ૧૯૬૭ — તારીખ : ૦૪/૦૬/૨૦૧૦

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ શાંતાબેન કરશનભાઈ બથવાર પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. શાંતાબેન કરશનભાઈ બથવારે ઉપરોકત મિલ્કત સ્વસ્તિક લેન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન અમરેલીનાં ભાગીદારો (૧) દોશી શશીકાંત છબીલદાસ (૨) સુરેશભાઈ મોહનલાલ ઘેલાણી (૩) હરેશકુમાર મોહનલાલ ઘેલાણી (૪) રજનીકાંત મોહનલાલ ઘેલાણી (૫) હર્ષાબેન વિનયકુમાર ભાલાળા (૬) સ્નેહાબેન દિલીપકુમાર મહેતા (૭) કૌશિકાબેન રાજુભાઈ શુકલ (૮) કોકિલાબેન જયવંતભાઈ જાટકીયા (૯) ચંદ્રકાંત ઝવેરચંદ શાહ (૧૦) શિલ્પાબેન એ . દોશી (૧૧) પ્રજ્ઞાબેન એ. દોશી (૧૨) લલીતભાઈ પી. દોશી રહે. બધા અમરેલીનાં કુલમુખત્યાર વિનુભાઈ વલ્લભભાઈ ભાલાળા રહે. અમરેલીવાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૨૪૮૬ તા. ૨૦/૧૧/૨૦૦૨ નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું સદરહું રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૬/૦૩/૨૦૨૪
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
એડવોકેટ

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **લાલજીભાઈ કાનજીભાઈ સોલંકી** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી ચિતલ રોડ તપોવન મંદિર પાસે
રે. સર્વે.નં. ૩૭ તથા ૩૭/૨
બીનખેતી પ્લોટ નં. ૧૪ પૈકી ઉત્તર તરફની જમીન — જેના ચો.મી. ૧૧૬–૭૨૫
રજી. દસ્તાવેજ નં. ૨૯૩ — તારીખ : ૨૧/૦૧/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ ભાવનાબેન ઘનશ્યામભાઈ રૈયાણી પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. ભાવનાબેન ઘનશ્યામભાઈ રૈયાણીએ ઉપરોકત મિલ્કત હેમેન્દ્રભાઈ રતીલાલભાઈ મહેતા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૧૭૧૯ તા. ૦૧/૦૪/૨૦૨૨ નાં રોજ ખરીદ કરેલ છે. હેમેન્દ્રભાઈ રતીલાલભાઈ મહેતાએ ઉપરોકત મિલ્કત કિરીટભાઈ ગાંડાલાલ વઢવાણા રહે. મુંબઈનાં કુલમુખત્યાર બાબુભાઈ કેશવલાલ ઝીઝુંવાડીયા રહે. અમરેલીવાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૨૪૨૯ તા. ૨૧/૦૫/૨૦૧૧નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું સદરહું રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૬/૦૩/૨૦૨૪
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
એડવોકેટ

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૭૨ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૬૫ | ૧૬૦૦ |
| ૨ | ચણા | ૧૦૪૧ | ૧૦૯૨ |
| ૩ | બાજરો | ૫૦૦ | ૫૦૦ |
| ૪ | ધાણા | ૧૨૦૦ | ૧૬૩૦ |
| ૫ | જીરૂ | ૪૭૬૦ | ૪૭૬૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૭૦ | ૧૨૩૬ |
| ૨ | શિંગ મોટી | ૧૧૨૦ | ૧૩૪૩ |
| ૩ | શિંગદાણા | ૧૪૨૮ | ૧૪૨૮ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૦૬૨ | ૧૪૭૧ |
| ૫ | તલ સફેદ | ૨૪૬૦ | ૨૫૦૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૪૨૦૦ | ૪૨૦૦ |
| ૭ | બાજરો | ૩૦૦ | ૪૦ |
| ૮ | જુવાર | ૯૦૦ | ૧૦૧૫ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૦૫ | ૬૭૪ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૬૨ |
| ૧૧ | મકાઈ | ૪૩૬ | ૫૦૦ |
| ૧૨ | ચણા | ૮૨૦ | ૧૧૫૬ |
| ૧૩ | ચણા દેશી | ૧૨૫૮ | ૧૩૫૯ |
| ૧૪ | તુવેર | ૧૦૨૦ | ૧૯૫૦ |
| ૧૫ | કપાસ | ૯૯૨ | ૧૫૮૫ |
| ૧૬ | એરંડા | ૧૧૦૦ | ૧૧૩૦ |
| ૧૭ | જીરૂ | ૩૭૧૦ | ૫૪૬૦ |
| ૧૮ | રાયડો | ૮૬૦ | ૮૮૫ |
| ૧૯ | રાય | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૨૦ | ધાણા | ૧૨૩૦ | ૧૯૧૫ |
| ૨૧ | ધાણી | ૧૩૭૦ | ૨૫૩૦ |
| ૨૨ | અજમા | ૩૦૮૦ | ૩૧૦૦ |
| ૨૩ | મેથી | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ૨૪ | સોયાબીન | ૮૦૦ | ૮૩૦ |
| ૨૫ | મરચા લાંબા | ૯૫૦ | ૫૮૧૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૧ | ૧૫૫૧ |
| ૨ | ઘઉં | ૪૩૫ | ૫૫૧ |
| ૩ | ચણા | ૧૦૦૧ | ૧૧૪૫ |
| ૪ | તુવેર | ૧૭૭૩ | ૧૭૭૩ |
| ૫ | સફેદ ચણા | ૧૩૩૧ | ૧૩૩૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૩૦ | ૧૬૨૧ |
| ૨ | મગફળી | ૧૧૩૯ | ૧૨૧૧ |
| ૩ | ઘઉં | ૪૩૦ | ૫૮૦ |
| ૪ | ચણા | ૧૦૬૨ | ૧૧૦૮ |
| ૫ | જીરૂ | ૪૧૫૫ | ૫૦૭૫ |
| ૬ | ધાણા | ૧૨૭૦ | ૧૬૯૦ |
| ૭ | મેથી | ૧૦૭૦ | ૧૧૬૦ |
| ૮ | રાઈ | ૯૩૦ | ૧૧૧૦ |
| ૯ | તુવેર | ૧૫૯૦ | ૧૯૧૯ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૭૪ | ૧૧૯૭ |
| ૨ | શીંગ મોટી | ૯૩૧ | ૧૨૭૬ |
| ૩ | તલ કાળા | ૨૫૦૦ | ૨૮૦૦ |
| ૪ | જીરૂ | ૪૧૦૦ | ૫૭૦૦ |
| ૫ | કપાસ | ૧૩૫૧ | ૧૫૮૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૩૫ | ૫૨૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૩૮ | ૬૫૪ |
| ૮ | બાજરો | ૪૫૦ | ૫૩૬ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૮૯૦ |
| ૧૦ | ચણા | ૧૦૩૦ | ૧૧૫૦ |
| ૧૧ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૪૪૦ |
| ૧૨ | તુવેર | ૧૪૫૦ | ૧૯૩૦ |
| ૧૩ | મેથી | ૧૦૦૦ | ૧૧૨૦ |
| ૧૪ | રાય | ૮૦૦ | ૯૩૫ |
| ૧૫ | ધાણા | ૧૪૦૦ | ૨૩૨૧ |
| ૧૬ | સોયાબીન | ૭૭૫ | ૮૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૬૦૦ |
| ૨ | ચણા | ૮૮૦ | ૧૦૯૨ |
| ૩ | ચણા સફેદ | ૮૦૦ | ૧૦૭૮ |
| ૪ | લસણ | ૧૩૩૫ | ૧૪૦૦ |
| ૫ | ધાણા | ૧૨૧૦ | ૧૫૩૫ |
| ૬ | ઘઉં લોકવન | ૩૭૦ | ૪૬૩ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૫૮ | ૪૯૬ |
| ૮ | જીરૂ | ૩૦૦૦ | ૪૬૬૦ |
| ૯ | રાય | ૮૨૨ | ૯૪૦ |
| ૧૦ | તલ સફેદ | ૨૩૪૫ | ૨૩૪૫ |
| ૧૧ | તુવેર | ૧૨૦૫ | ૧૮૦૦ |
| ૧૨ | સોયાબીન | ૮૦૦ | ૮૨૨ |
| ૧૩ | મેથી | ૯૫૦ | ૯૫૦ |
| ૧૪ | મગ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૧૫ | એરંડી | ૯૬૦ | ૯૯૬ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૨૦૧ |
| ૨ | તલ કાળા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૭૧ |
| ૪ | બાજરો | ૪૫૧ | ૫૩૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૧૫ | ૬૧૧ |
| ૬ | જુવાર | ૪૫૦ | ૯૦૦ |
| ૭ | મકાઈ | ૪૭૩ | ૪૭૩ |
| ૮ | મઠ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | મેથી | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૧૦ | તુવેર | ૧૧૦૧ | ૧૩૩૧ |
| ૧૧ | ચણા | ૮૦૦ | ૧૧૧૭ |
| ૧૨ | રાય | ૮૮૦ | ૧૧૨૫ |
| ૧૩ | સોયાબીન | ૭૫૦ | ૮૦૦ |
| ૧૪ | ધાણા | ૧૩૧૧ | ૧૫૦૦ |

# સાવરકુંડલાના વિભાગીય પોલીસ અધિકારી હરેશ વોરાની બદલી થતાં વિદાય સમારંભ યોજાયો



અહેવાલ–તસ્વીર : પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા

અમરેલી જિલ્લામાં સેપ્રથમ ૧૯૯૮ થી પોલીસ સબ ઈસ્પેક્ટર તરીકે રાજુલા પોલીસ સ્ટેશનમાં હાજર થયેલા હરેશ વોરાએ રાજુલા ઉપરાંત સાવરકુંડલા, લાઠી, બાબરા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવેલ છે. ત્યારબાદ પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે પણ અમરેલી જિલ્લામાં જ ફરજ બજાવી ચૂકૂયા છે. ત્યારબાદ ડી.વાય.એસ.પી. તરીકે બઢતી સાથે બદલી થતા બરોડા સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચમાં થોડો સમય ફરજ બજાવી ફરી પાછા ડીવાયએસપી તરીકે સાવરકુંડલા ડિવિઝનમાં ૨૦૨૨ થી ચાર્જ સંભાળેલ. હાલ લોકસભાની ચૂંટણીઓ અંતર્ગત બદલીઓના દોરમાં ડી.વાય.એસ.પી. હરેશ વોરાની બદલી સી આઈ.ડી.ક્રાઈમ બ્રાન્ચ રાજકોટ થતા સાવરકુંડલા ડિવિઝન હેઠળના તમામ પોલીસ સ્ટેશન સ્ટાફ તથા સાવરકુંડલા રાજકીય અને સામાજિક અગ્રણીઓ દ્વારા વિદાય સમારોહ રાખવામાં આવેલ. આ વિદાય સમારોહમાં સાવરકુંડલા સીટી પી.આઈ. એસ.એમ. સોની, ધારી પી.આઈ. એ.એમ. દેસાઈ, જાફરાબાદ જે.આર. ભાસ્કન,પી. આઈ. ડીએલ. ઈસરાણી, રાજુલા પી. આઈ. આઈ. જે. ગીડા, સાવરકુંડલા રૂરલ પી.એસ. આઈ.આર.એલ. રાઠોડ, પી. એસ.આઈ. એન એસ મુસાર, નાગેશ્રી પી.એસ.આઈ. પી.વી. પલાસ, ખાંભા પી.એસ.આઈ. કે.ડી.હડિયા, જાફરાબાદ પી.એસ. આઈ. એમ.ડી.ગોહિલ, સાવરકુંડલા ટાઉન પી.એસ.આઈ પી ડી.ગોહિલ, રાજુલા પી.એસ. આઈ.જી. એમ.જાડેજા, ચલાલા પી.એસ.આઈ.કે. એલ. ગલચર, ડુંગર પી.એસ. આઈ.કે. જી. મૈયા સહિત તમામ પોલીસ સ્ટેશનનો સ્ટાફ હાજર રહ્યો હતો સાવરકુંડલા ટાઉન ઈન્સ્પેક્ટર સોનીએ હરેશ વોરા સાથેના અનુભવો વાગોળ્યા હતા. આ ઉપરાંત સાવરકુંડલા વરિષ્ઠ પત્રકાર અને ક્ષત્રિય શૈક્ષણિક અગ્રણી પ્રતાપભાઈ ખુમાણ દ્વારા હરેશ વોરાની પોલીસ ડ્યુટી સાથોસાથ સોશિયલ ડ્યુટી પણ બખુબી નિભાવી જાણતા હોવાનું પોતાના અનુભવે જણાવ્યું હતું. અંતમાં ડી.વાય.એસ. પી.હરેશ વોરા એ પોતાના પ્રતિભાવમાં વિદાય–બદલી એ એક અનિવાર્ય સંજોગ હોવાનું જણાવેલ. સાવરકુંડલા અને સમગ્ર અમરેલી જિલ્લામાંથી સર્વિસ દરમિયાન લોકોનો ખૂબ જ સહકાર અને પ્રેમ મળ્યો તે બદલ આભાર વ્યક્ત કરેલ.

## અમરેલી નાગરિક સહકારી બેન્ક લી. દ્વારા સભાસદના વારસદારોને અકસ્માત મૃત્યુ સહાય પેટે રૂા. ૧ લાખ ચુકવાયા



અમરેલી, તા. ૧૬

અમરેલી નાગરિક સહકારી બેંક લી. ના સભાસદ અકસ્માત વિમા સહાય યોજનામાં મૃત્યુ પામેલ સભાસદોના વારસદારોને બેંક તરફથી રૂા.૧ લાખની સહાય આપવાની યોજના અન્યવે (૧) સ્વ. વિનુભાઈ એમ. માધડના વારસદાર કાંતાબેન વિ. માધડ (૨) સ્વ. અલ્તાફભાઈ એ. નગરીયાના વારસદાર ફરહાનાબેન એ. નગરીયા (૩)સ્વ.કનુભાઈ એચ. પરમારના વારસદાર મંજુલાબેન કે. પરમાર (૪) સ્વ. કિશોરભાઈ એમ. વડાલીયાના વારસદાર ભાવનાબેન કે. વડાલીયા (૫) સ્વ. તિલક એ. સોલંકીના વારસદાર અરવિંદભાઈ કે. સોલંકી ઉપરોકત સભાસદના વારસદારને રૂા.૧ લાખ ના ચેકનું અર્પણ બેંકના ચેરમેન જયેશભાઈએમ.નાકરાણી, વાઈસ ચેરમેન ભાવિનભાઈ જે. સોજીત્રા, મેનેજીંગ ડિરેકટર શૈલેષભાઈ બી. સંઘાણી તથા બેંકના ડિરેકટર પી. પી. સોજીત્રા તેમજ યુનાઈટેડ ઈન્સ્યુરન્સ કાું. ડીજીએમ મીનાક્ષી મેડમ, આર.એમ. આશિષ ડામોર, એ.એમ. જીગરવાગડીયા, બ્રાંચ મેનેજર જે. એલ. મોટવાણી તથા બી.એન. કાબરીયા દ્વારા કરવામાં આવેલ છે. અમરેલી નાગરિક સહકારી બેંકે સભાસદ પ્રત્યેની કુટુંબ ભાવના વ્યકત કરીને સભાસદો પ્રત્યેનું ઋણ અદા કરેલ છે.

એમ બેંકના મેનેજર દિલીપભાઈ ધોરાજીયાની સંયુક્ત યાદીમાં જણાવેલ છે.

## બગસરા શરાફી મંડળીના એમ.ડી. નિતેશ ડોડીઆનાં જન્મ દિનની ઉજવણી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૬

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના જનરલ એમડી નિતેશ ડોડીયા ના ૫૧ માં વર્ષમાં પ્રવેશ કરતા જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં રાજકીય આગેવાનો સહિત મિત્રો વર્તુળ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી બગસરામાં વાંઝા જ્ઞાતિ સમાજનું ગેરવ અને બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના જનરલ એમડી તેમજ બગસરા નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ નિતેશ ડોડીયા નો એકાઉન્ટમાં જન્મદિવસમાં પ્રવેશ કરતા તેમના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં રાજકીય આગેવાનો તેમજ વિશાળ સંખ્યામાં મિત્રો દ્વારા જન્મદિવસ કેક કાપી અને ઉજવણી કરવામાં આવી હતી. આતકે તેમના પિતા રશ્મિનભાઈ ડોડીયા એ મો મીંઠા કરાવી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી નિતેશભાઈ ડોડીયા એ નાની ઉંમર માંથી બહુ મોટી જવાબદારી સંભાળી હતી. તેમણે રાજકીય તથા સમાજના કાર્યો ને ઝડપી લીધા હતા તેમજ બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની પ્રગતિમાં તેમનો સિંહ ફાળો છે હાલ તેઓ મંડળીના જનરલ એમડી તરીકે હોદ્દો ધરાવે છે તેમનું સમગ્ર ગુજરાતમાં વિશાળ સંખ્યામાં મિત્ર વર્તુળ છે જેથી તેમના જન્મદિવસ નિમિત્તે તેમના મિત્રોએ અઢળક શુભેચ્છાઓ પાઠવી છે નિતેશભાઈ ડોડીયાની જો વાત કરીએ તો અમારા ન્યુઝ પેપરના પાના ભરાઈ જાય છે ટૂંકી અને ટચ વાત કઢં તો મોરના ઈંડાને ચીતરવા પડે નહીં બસ એટલું જ કહી અને મારી વાત પૂર્ણ કઢં છું.

### જિલ્લા ચુંટણી અધિકારી અજય દહિયાએ પત્રકાર પરિષદ સંબોધી

# અમરેલી જિલ્લામાં લોકસભાની ચુંટણી જાહેર : આદર્શ આચાર સંહિતા અમલી

### વ્યવસ્થાઓ અને મતદારો તેમજ મતદાન મથકો અંગે વિગતો આપી





અમરેલી, તા. ૧૬

માર્ચ, ૨૦૨૪ (શનિવાર) અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશમાં લોકસભા સામાન્ય ચૂંટણીની જાહેરાત થતાં આદર્શ આચાર સંહિતા અમલી થઈ છે. ચૂંટણી પંચ લોકસભા સામાન્ય ચૂંટણીની જાહેરાત થતાં, અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આદર્શ આચાર સંહિતા અમલીકરણ, ચૂંટણી કાર્યક્રમ સહિતના મુદ્દાઓ પર માહિતી આપવાના હેતુથી એક પ્રેસ વાર્તાલાપનું આયોજન અમરેલી જિલ્લા કલેકટર કચેરી ખાતે કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ પ્રેસ કોન્ફરન્સમાં અમરેલી જિલ્લામાં આગામી લોકસભાની ચૂંટણીના સુચાઢ આયોજનની વ્યવસ્થાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં આગામી તા. ૭ મે, ૨૦૨૪ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણીના ત્રીજા તબક્કામાં મતદાન થશે. મતદાનનું જાહેરનામું આગામી તા.૧૨ એપ્રિલના રોજ પ્રસિદ્ધ થશે. મતદાન માટે ફોર્મ ભરવાની અંતિમ તા.૧૯ એપ્રિલ, ૨૦૨૪ રહેશે. મતદાન માટે ઉમેદવારી પત્રકોની ખરાઈ કરવાની અંતિમ તા.૨૦ એપ્રિલ, ૨૦૨૪ રહેશે. લોકસભાની ચૂંટણીના મતદાન માટે અમરેલી જિલ્લાના ઉમેદવારો માટે ફોર્મ પરત ખેંચવાની અંતિમ તા.૨૨ એપ્રિલ, ૨૦૨૪ જાહેર કરવામાં આવી છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાએ જણાવ્યુ કે, અમરેલી લોકસભા મત વિસ્તારમાં (૯૪–ધારી, ૯૫– અમરેલી, ૯૬–લાઠી, ૯૭– સાવરકુંડલા, ૯૮–રાજુલા, ૯૯–મહુવા અને ૧૦૧–ગારિયાધાર) ૧,૮૪૧ મતદાન મથકોમાં તા.૧૫ માર્ચ, ૨૦૨૪ની સ્થિતિએ ૧૭,૩૧,૦૪૦ મતદારોની નોંધણી થઈ છે.

આ પૈકી ૮,૯૪,૯૩૧ પુઢષ મતદારો છે જયારે ૮,૩૬,૧૮૩ મહિલા મતદારો અને ૨૬ અન્ય મતદારો સહિત ૧૭,૩૧,૦૪૦ મતદારો છે.

અમરેલી લોકસભા મતવિસ્તારમાં ૧,૧૨૧ સ્થળો પર ૧,૪૭૨ ગ્રામ્ય અને ૩૬૯ શહેરી મતવિસ્તારના મતદાન મથકો સહિત ૧,૮૪૧ મતદાન મથકોનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યુ કે, અમરેલી લોકસભા મતવિસ્તારમાં આજરોજ તા.૧૬ માર્ચ, ૨૦૨૪ થી આદર્શ આચાર સંહિતા અમલી થઈ છે. જિલ્લામાં આદર્શ આચાર સંહિતાના ભંગની ફરિયાદ માટેનો કંટ્રોલ રૂમ શઢ કરવામાં આવ્યો છે. જિલ્લાના નાગરિકો આ કંટ્રોલઢમમાં ચૂંટણીલક્ષી બાબતો માટે ફરિયાદ નોંધાવી શકે છે. ચૂંટણી લક્ષી ફરિયાદ માટે જિલ્લા કક્ષાએ ૧૯૫૦ કાર્યરત છે. ખર્ચ નિયંત્રણ સંબંધિત વિગતો–ફરિયાદ માટે કંટ્રોલ રૂમ પર ૧૮૦૦ ૨૩૩ ૨૮૯૨ નંબર પર (૨૪×૭) પર ફોન કરી ફરિયાદ રજૂ કરી શકાય છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા મોબાઈલ એપ્લિકેશન c-VIGIL લોન્ચ કરવામાં આવી છે. આ એપ્લિકેશન મારફતે કોઈપણ નાગરિક આચાર સંહિતા તથા ખર્ચ વિષયક ફોટોગ્રાફી/ વીડિયોગ્રાફી સાથેની કોઈપણ ફરિયાદ અપલોડ કરી શકશે. રજૂ થયેલી ફરિયાદોનું ફલાઈંગ સ્કવોડ દ્વારા ૧૦૦ મીનીટમાં જે–તે સ્થળ પર પહોંચી જઈ નિકાલ કરવામાં આવશે.

તેમણે વધુમાં કહ્યુ કે, જિલ્લામાં હથિયારબંધી, લાઉડ સ્પીકર, આરામગૃહ, વિશ્રામગૃહઉના ઉપયોગ સંબંધી એફએસટીને મેજિસ્ટ્રેરીયલ પાવર આપવા બાબત વગેરે વિવિધ જાહેરનામાં બહાર પાડવામાં આવી રહ્યા છે.

સભા સરઘસની પરવાનગી માટે સિંગલ વિન્ડો : ભારતના ચૂંટણી દ્વારા સામાન્ય ચૂંટણી માટે સુવિધા એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં આવશે. જેમાં સુવિધા એપ્લિકેશન મારફત કોઈ પણ રાજકીય પક્ષ ઉમેદવાર ઓનલાઈન અરજી કરી, સભા સરઘસ/રેલી/વાહનના ઉપયોગ અને લાઉડ સ્પીકર જેવી પરવાનગીઓ સિંગલ વિન્ડો સીસ્ટમના ભાગરૂપે મેળ વી શકશે તેમજ ઉમેદવારી કોર્મ પણ ભરી શકશે. જિલ્લા કક્ષાના કાર્યક્રમો અથવા એકથી વધુ વિધાનસભાના કાર્યક્રમો માટે આ સુવિધા જિલ્લા સેવાસદન ખાતે ચીટનીશની આગેવાનીમાં રચિત સમિતિ દ્વારા મળ શે જયારે વિધાનસભા કક્ષાની પરવાનગી પ્રાંત કચેરીથી મળી શકશે.

પોતાના મતદાર વિસ્તારના ઉમેદવારની વિગતો મતદારને મળી રહે તે માટે ચૂંટણી પંચની કેવાયસી (Know Your Candidate) App ભારતના ચૂંટણી પંચ વ્યારા લોન્ચ કરવામાં આવેલ Saksham App મારફત દિવ્યાંગ મતદારો મતદાન કરવા માટેની સવલતોનો લાભ લઈશકશે.

હોમ વોટીંગની સુવિધા : ભારતના ચૂંટણી પંચની સૂચનાનુસાર મતદાન મથક પર જઈ મતદાન કરવા માટે અસક્ષમ છે તેવા ૮૫ વર્ષથી વધુની વય ધરાવતા (avsc) તથા pwd (AVDP) દિવ્યાંગ મતદારોને પોસ્ટલ બેલેટ મારફત હોમ વોટીંગની સુવિધા પૂરી પાડવામાં આવશે. જે માટે મતદાન ટુકડી મતદારના ઘરે જઈ તેઓને મતદાનનો અધિકાર અને મતદાનની ફરજ પૂર્ણ કરવા મદદઢપ થશે. SAKSHAM App મારફતે મતદારો મતદાન માટેની સવલતોનો લાભ લઈ શકશે.

'મતદાર જાગૃત્તિ તેમજ ચૂંટણી લક્ષી વિવિધ માહિતી માટે જિલ્લા કક્ષાએ SOCAL MEDIA FACEBOOK PAGE ID (DISTRIC ELECTION OFFICE AMRELI) બનાવવામાં આવ્યું છે, TWITTER ID@ Election Amreli થી બનાવવામાં આવ્યું છે. જેનો ઉપયોગ સર્વ જાહેર જનતા કરી શકે છે. તેમજ કોઈપણ પત્રવ્યવહાર માટે અત્રેના e-mail address : dydeoamr@gmail.com નો પણ ઉપયોગ કરી શકાશે. રોકડ વ્યવહારો માટે માર્ગદર્શિકા : ચૂંટણી જાહેર થતા આચાર સંહિતાના સમયગાળા દરમિયાન નાગરિકો દ્વારા બેંકમાંથી જે નાણા ઉપાડવામાં આવે તેની સાથે એક QR કોડ વાળી રિસીપ્ટ આપવામાં આવશે. આ રિસીપ્ટમાં વાહન નંબર, રકમ, બેંકનું નામ લખેલું હશે. રોકડ રકમ સાથે લઈ જતી વખતે ચેકપોસ્ટ પર આ રિસીપ્ટની ચકાસણી કરવામાંઆવશે. આ વ્યવહારો અધિકૃત છે કે કેમ તેની માહિતી આ રિસીપ્ટના આધારે ચેક કરવામાં આવશે. ૩૦ વીડિયો સર્વેલન્સ ટીમ, ૦૮ વીડિયો વ્યૂઈંગ ટીમ, ૨૧ ફલાઈંગ સર્વેલન્સ ટીમ, ૨૮ સ્ટેટીસ્ટીક્સ સર્વેલન્સ ટીમ, ૦૭ એકાઉન્ટીંગ ટીમ, ૦૭ મદદનીશ ખર્ચ નિરીક્ષક કાર્ય કરશે.

જિલ્લા ચૂંટણી તંત્રની તૈયારી : અમરેલી લોકસભા વિસ્તારમાં લોકસભા સામાન્ય ચૂંટણીના સુચાઢં આયોજન અને અમલીકરણ હેતુથી ૭,૩૫૯ પુરૂષ અને ૪,૧૪૨ મહિલાઓ સહિત ૧૧,૦૫૧ અધિકારીઓ–કર્મચારીઓ ફરજ બજાવશે. આ પૈકી અમરેલી જિલ્લામાં સમાવિષ્ટ મતદાન મથકો માટે પુરૂષ ૩,૨૯૦, અને ૨,૭૫૫ મહિલાઓ મળીને ૬,૪૦૫ અધિકારીઓ અને કર્મચારીઓ ફરજ બજાવશે.

વિશેષ મતદાન મથકો : અમરેલી જિલ્લામાં દરેક વિધાનસભા ખાતે એક મતદાન મથક મળીને PWD સંચાલિત ૦૭ મતદાન મથકોની રચના કરવામાં આવી છે. આ મતદાન મથકો પર સુરક્ષા સ્ટાફ સિવાયના તમામ સ્ટાફ દિવ્યાંગ હશે. પ્રત્યેક વિધાનસભા મતદાર વિભાગ ખાતે સાત એમ ૪૯ મતદાન મથકો મહિલા સંચાલિત હશે, જેમાં પોલીંગ સ્ટાફ તરીકે મહિલા અધિકારી–કર્મચારીઓની નિમણુક કરવામાં આવશે. મતદારોમાં મતદાન પ્રત્યેનો ઉત્સાહ વધે તેવા હેતુથી દરેક વિધાનસભા ખાતે એક અને ૦૭ આદર્શ (મોડેલ) મતદાન મથકો તૈયાર કરવામાં આવશે. મત વિસ્તારમાં એક યુવા કર્મચારી સંચાલિત મતદાન મથક પણ તૈયાર કરવામાં આવશે. આ પ્રેસ વાર્તાલાપમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા હિમકર સિંઘ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દિલિપસિંહ ગોહિલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી બી.પી. સકસેના અને પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લામાં નવી ૨૦ એસ.ટી. બસોને પ્રસ્થાન કરાવતાં કૌશિક વેકરિયા



ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા અને અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયા દ્વારા અમરેલી ડીવીઝન ખાતેથી ગુજરાત સરકાર દ્વારા ફાળવાયેલ ૨૦ નવી બસોની શાસ્ત્રોક વિધી સાથે પુજા સહ લીલીઝંડી અર્પી પ્રસ્થાન કરાવેલ હતુ. આ તકે સાંસદએ જણાવેલ હતુ કે, સલામત સવારી–એસ.ટી. અમારીના હેતુ સાથે લોકોની સુખાકારીમા વધારો કરવા માટે ગુજરાત સરકાર હંમેશા કટીબધ્ધ છે. ત્યારે ગુજરાત રાજય વ્યવહાર નિગમ દ્વારા અમરેલી વિભાગીય કચેરીને કુલ–૨૦ નવી બસો ફાળવવામા આવેલ છે. જેમાં અમરેલી ડેપોને–૨, સાવરકુડલા–૪, રાજુલા ડેપોને–૧, બગસરા ડેપોને–૨, ધારી ડેપોને–૫ ઉના ડેપોને–૩ અને કોડીનાર ડેપોને–૩ બસ ફાળવવામાં આવેલ છે. ધુમા સાસદએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને વાહન વ્યવહાર મત્રી હર્ષભાઈ સઘવીનો આભાર વ્યકત કરતા જણાવેલ હતુ કે, લોકોની સુખાકારી માટે આ ફળ વાયેલ બસો અમરેલી ડેપો ખાતેથી અમરેલી–સુરત સવારે ૭ :૦૦ કલાકે, અમરેલી–અમદાવાદ રાત્રે ૧૨:૩૦ કલાકે તેમજ સાવરકુડલા–ભુજ સવારે ૦૬:૦૦ કલાકે, ભુજ–સાવરકુંડલા સવારે ૦૬:૦૦ કલાકે, સાવરકુંડલા –દાહોદ સાજે ૦૭:૦૦ કલાકે અને દાહોદ–સાવરકુંડલા સાજે ૦૫:૩૦ કલાકે તેમજ રાજુલા ડેપો ખાતેથી રાજુલા–જામનગર સાજે ૦૫:૩૦ કલાકે અને જામનગર– રાજુલા બપોરે ૦૨:૩૦ કલાકે તેમજ બગસરા ડેપો ખાતેથી બગસરા–વડીયા–સુરત બપોરે ૦૩:૦૦ કલાકે અને સુરત–વડીયા–બગસરા બપોરે ૦૩:૦૦ કલાકે તેમજ ધારી ડેપો ખાતેથી ધારી–વિસનગર સવારે ૦૫:૪૫ કલાકે, વિસનગર ધારી સાજે ૦૫:૧૫ કલાકે, ધારી–ફતેપુરા બપોરે ૦૧:૩૦ કલાકે, ફતેપુરા–ધારી બપોરે ૦૧:૩૦ કલાકે અને ધારી–કૃષ્ણનગર બપોરે ૦૪:૩૦ કલાકે બસોનું સંચાલન થશે. આ નવી બસો દ્વારા નાગરીકોને પરીવહ નની ઉતમ સુવિધાઓ મળી રહેશે અને મુસાફરી વધુ સંગમ બની રહેશે તેમ સાસદએ અંતમા જણાવેલ છે.

## અમરેલીની મહિલાઓ અને વૃધ્ધોને માર્ગ ઉપર અકસ્માત થવાનો ભય હોય

# અમરેલીનાં ફૂટપાથ પર દબાણ દૂર કરવું જરૂરી

| નાગનાથ બસ સ્ટેન્ડથી લઈને અતિથિ ગૃહ સુધીનાં ફૂટપાથ પર વિના રોકટોક થયેલ દબાણથી શહેરીજનો પરેશાન | ફૂટપાથ ઉપર ફ્રૂટ સહિતનું વેચાણ થતું હોય ગ્રાહકો માર્ગ પર વાહન પાર્ક કરતા હોય છે | સબભૂમિ ગોપાલ કી સમજીને જેમફાવે તેમ દબાણ કરવાની સૌની આદત પડી ગઈ | પાલિકા અને પોલીસ વિભાગે શહેરની તમામ ફૂટપાથ પર થયેલ દબાણ દૂર કરવું જોઈએ |
|---|---|---|---|



અમરેલી, તા. ૧૬

અમરેલી શહેરની ભૂમિને ગોપાલ કી સમજીને દબાણકર્તાઓ મનફાવેતેરીતેજાહેરમાર્ગોઅનેફૂટપાથ પરદબાણકરતાંહોયશહેરીજનોનેખાસ કરીને મહિલાઓ અને વૃધ્ધાને પરેશાનીનોસામનોકરવોપડીરહ્યોછે.

અમરેલીનાં નાગનાથ બસ સ્ટેન્ડથીલઈનેગર્લ્સહાઈસ્કૂલનીદીવાલ પાસેઆવેલફૂટપાથ,ગાંધીબાગસામેની ફૂટપાથ, પશુ દવાખાના પાસે, અતિથિ ગૃહસામેપણદબાણકર્તાઓફ્રૂટ, રમકડા કેઅન્યચીજવસ્તુઓનુંવેચાણકરતાંહોય ત્યાં ખરીદી અર્થે આવતાં વાહનચાલકો તેમનું વાહન માર્ગ પર રાખતાં હોવાથી સતત અકસ્માતનો ભય રહે છે અને ફૂટપાથ પર દબાણ હોવાથી પગપાળા અવરજવર કરનારને કયાં ચાલવું તે સમજાતું નથી.

અનુસંધાન પાના ૬ ઉપર

### એડિશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં કેસ ચાલી જતાં


# સાવરકુંડલાનાં તત્કાલીન પીઆઈ સોનારાનો આરોપીઓને માર મારવાનાં ગુન્હામાં નિર્દોષ છુટકારો

### પીઆઈ તરફે એડવોકેટ અજય પંડયાની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૧૬

સાવરકુંડલાનાં તત્કાલીન પોલીસ ઈન્સ્પેકટરનો આરોપીઓને કસ્ટડી દરમિયાન માર મારવાનાં બનાવમાં નિર્દોષ છુટકારો થયો છે.

વિગત એવા પ્રકારની છે કે, ગઈ તારીખ ૧૨/૧/૨૦૦૯ ના રોજ સાવરકુંડલામાં નોંધાયેલ લૂંટ અને મારામારીના બનાવમાં પકડાયેલ ચાર આરોપીઓને ધરપકડ બાદ તેઓને પોલીસ સ્ટેશન પાછળ આવેલ નદીના પટ્ટમાં લઈ જઈ તેઓને લાઈનસર ઉભા



રાખી ચારે બાજુ પોલીસને ગોઠવી દઈને આરોપીઓને ત્રાસ આપી લાકડી વડે અને ઝાપટથી હાથે, પગે, વાંસામાં માર મારેલ અને ઉઠક બેઠક કરાવી શરીર ઉપર ઈજા પહોંચાડયાની ફરિયાદ સાવરકુંડલા કોર્ટમાં ફરિયાદ કરેલ. જે ફરિયાદને નોંધી કોર્ટ દ્વારા ફરિયાદીનું મેડિકલ ચેકઅપ કરાવી નિવેદનો નોંધી ડિસ્ટ્રિકટ કોર્ટમાં મોકલતા ડિસ્ટ્રીકટ કોર્ટ દ્વારા પીઆઈ બળવંતરાય સોનારા વિરૂધ્ધ ગુનો દાખલ કરી કેસ અમરેલીના એડી ચીફ જયું મેજી. કોર્ટમાં કેસ ચાલવા મોકલતા આ કેસ કોર્ટમાં ચાલી જતા વિદ્વાન વકીલ અજય પંડયાની રજુઆત, આરોપી તરફેનો બચાવ અને દલીલોને ધ્યાને લઈ આરોપી વિરૂધ્ધના પુરાવા ફરિયાદ પક્ષ દ્વારા સાબિત કરી શકેલ ન હોય. આરોપી પીઆઈ બળવંતરાય સોનારાને છોડી મુકવાનો હુકમએડી ચીફ જયુ મેજી. એમ.જે. સૈયદએ કરેલ છે. આ કેસમાં આરોપી પીઆઈ સોનારા તરફે વિદ્વાન એડવોકેટ અજય પંડયા રોકાયેલ હતા.







## ધારીનાં બીજા એડીશનલ સેશન્સ જજનો ચુકાદો

# પોકસો કેસના આરોપીને ૨૦ વર્ષની સજા અને રૂપિયા ૨.૫૦ લાખનો દંડ

### ભોગ બનનારને રૂપિયા ૫ લાખનું વળતર ચુકવા હુકમ

અમરેલી તા.૧૬

ખાંભા તાલુકાના સમઢિયાળા–૨ ગામે રહેતી એક સગીરાને અઢી વર્ષ પહેલાં મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ રાજુલા તાલુકાના કોવાયા ગામે રહેતા પરપ્રાંતિય શખ્સે લગ્ન કરવાની લાલચ આપી સગીરાને પોતાની સાથે લઈ જઈ સગીરા સાથે શરીર સંબંધ

અનુસંધાન પાના ૬ ઉપર




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)